RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 319* Date: 09.09.2023,Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ૨૧મી સદી એશિયાની સદી છે; વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર એ આપણો મંત્ર છે.: વડાપ્રધાન



નવીદિલ્હી,તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં આસિયાન ઈન્ડિયા સમિટ દરમિયાન યોજાયેલી વાતચીતને ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવી છે. તેમણે કહ્યું છે કે ઈન્ડોનેશિયાની મુલાકાત ખૂબ જ ટૂંકી પરંતુ ઘણી ઉપયોગી હતી. અહીં હું આસિયાન અને અન્ય દેશોના નેતાઓને મળ્યો. રાષ્ટ્રપતિ જોકોવી ઉપરાંત, હું ઉષ્માભર્યા સ્વાગત માટે ઈન્ડોનેશિયાની સરકાર અને લોકોનો વિશેષ આભાર વ્યક્ત કરવા માંગુ છું.

આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસિયાન ઈન્ડિયા સમિટમાં કહ્યું હતું કે અમારી મિત્રતા હવે ચોથા દાયકામાં પ્રવેશી રહી છે. આવી સ્થિતિમાં આસિયાન દેશો સાથે ભારતની આ બેઠક અમારા માટે ખૂબ જ આનંદની વાત છે. અહીં તેમણે કહ્યું કે ૨૧મી સદી એશિયાઈ દેશોની છે. અમારી મિત્રતા આવનારા સમયમાં આ ક્ષેત્રમાં ઘણા વિકાસ લાવશે તેની ખાતરી છે.

આ દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું કે આપણો ઈતિહાસ અને ભૂગોળ એકબીજાને જોડે છે. પ્રાદેશિક એકતા અને પરસ્પર વિશ્વાસ આપણને બધાને એક કરે છે. અમે દરેક ક્ષેત્રમાં વિકાસ કરી રહ્યા છીએ. આપણા વૈશ્વિક વિકાસમાં આસિયાન દેશોની વિશેષ ભૂમિકા છે. આસિયાન-ભારત સમિટ બાદ વડાપ્રધાન મોદીએ ૧૮મી પૂર્વ એશિયા સમિટમાં ભાગ લીધો હતો. પીએમ મોદીએ અહીં એમ પણ કહ્યું કે આસિયાન ભારતની પૂર્વ નીતિનું કેન્દ્ર છે. અમારું સૂત્ર છે – વસુધૈવ કુટુંબકમ – એટલે કે એક પૃથ્વી, એક કુટુંબ, એક ભવિષ્ય. ભારતમાં આયોજિત જી૨૦ની ભાવનાની થીમ પણ આ જ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ૫ મિનિટના સંબોધનમાં કહ્યું - ૨૧મી સદી એશિયાની સદી છે; વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર એ આપણો મંત્ર છે.તેમણે વધુમાં કહ્યું- ભારતના ઈન્ડો પેસિફિક ઈનિશિએટિવમાં પણ આસિયાનનું આગવું સ્થાન છે. આસિયાન એ ભારતની એક્ટ ઈસ્ટ પોલિસીનો કેન્દ્રીય આધારસ્તંભ છે. આજે વૈશ્વિક અનિશ્ચિતતાના વાતાવરણમાં આપણો પરસ્પર સહયોગ વધી રહ્યો છે. આપણી ભાગીદારી તેના ચોથા દાયકામાં પ્રવેશી રહી છે. સંબોધન પછી પીએમ ભારતીય સમુદાયના લોકોને મળ્યા અને સંગીતનાં વાજિંત્રો પણ વગાડ્યાં. જાકાર્તામાં પીએમ મોદીના આગમન પર કાલાકારોએ પરંપરાગત ઈન્ડોનેશિયન નૃત્ય રજૂ કર્યુંવિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨૦૨૨-૨૩માં ભારત અને આસિયાન દેશો વચ્ચે ૧૦ લાખ કરોડ રૂપિયાનો વેપાર થયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પહેલાં ૯ આસિયાન સમિટમાં ભાગ લીધો છે. આ વખતે ઈન્ડોનેશિયાએ આસિયાન સમિટ દરમિયાન એક ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું છે. તેને ઈન્ડો પેસિફિક ફોરમ નામ આપવામાં આવ્યું છે. આ મંચ દ્વારા આસિયાન દેશો ઈન્ડો-પેસિફિકમાં તેમનાં લક્ષ્યો અંગે અભિપ્રાય આપશે, જેમાં ઈન્ડો-પેસિફિકમાં આસિયાન દેશોની કનેક્ટિવિટી વધારવા માટે ચર્ચા કરવામાં આવશે.હાલમાં જ ચીને એક નકશો જાહેર કર્યો હતો, જેના પર માત્ર ભારત જ નહીં, પરંતુ ઘણા આસિયાન દેશોએ વાંધો ઉઠાવ્યો હતો. ફિલિપિન્સ, વિયેતનામ, મલેશિયા અને તાઈવાને પણ ચીનના વિવાદાસ્પદ નકશાનો વિરોધ કર્યો છે. તેમણે દક્ષિણ ચીન સાગરમાં ચીનના દાવાને ફગાવી દીધો છે. ફિલિપિન્સે કહ્યું- ચીને જવાબદાર નિર્ણય લેતા આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવું જોઈએ. મલેશિયાએ નકશાને લઈને રાજદ્વારી વિરોધ નોંધાવ્યો છે.

નકશામાં ચીને હૈનાન દ્વીપની દક્ષિણે ૧૫૦૦ કિમી દૂર ં આકારની રેખા દર્શાવી છે. આ લાઇન વિયેતનામ, ફિલિપિન્સ, બ્રુનેઇ અને ઈન્ડોનેશિયાના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રોમાંથી પસાર થાય છે. ચીનના આ નવા નકશામાં વધુ ભૌગોલિક વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. તેમાં ૧૦ ડેશ લાઇન છે, જેના દ્વારા ચીને તાઈવાનને પોતાનો ભાગ બતાવ્યો છે. આ નકશો ૧૯૪૮માં બહાર પાડવામાં આવેલા નકશા જેવો જ છે.

ભારતે ગયા વર્ષે જ આશિયાન દેશો સાથે કોમ્પ્રિહેન્સિવ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ પર હસ્તાક્ષર કર્યા હતા. આ કારણે પીએમ મોદીની આ મુલાકાત ઘણી મહત્ત્વની છે. વાસ્તવમાં વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી પછી દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત બને છે. આ હેઠળ, સંરક્ષણ, આર્થિક અને તકનીકી હિતોને વધારવા માટે સાથે મળીને કામ કરવામાં આવે છે, સાથે જ આ ક્ષેત્રમાં ચીનનો મુકાબલો કરવા માટે ભારત આસિયાન દેશો સાથે સંબંધો મજબૂત કરી રહ્યો છે.

## રશિયા- યુક્રેન યુદ્ધ પર પીએમ મોદીની કૂટનીતીનું મનમોહન સિંહે સમર્થન કર્યું

નવીદિલ્હી,તા.૮

દેશના પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે રશિયા-યુક્રેન યુદ્ધ પર કેન્દ્ર સરકારના સ્ટેન્ડનું સમર્થન કર્યું છે.. તેમણે કહ્યું કે ભારતે શાંતિની અપીલ કરતી વખતે પોતાના સાર્વભૌમ અને આર્થિક હિતોને પ્રથમ રાખીને યોગ્ય કામ કર્યું છે. મનમોહન સિંહે જી-૨૦ બેઠક પહેલા એક ઈન્ટરવ્યુ દરમિયાન આ વાત કહી હતી.

મનમોહન સિંહે કહ્યું કે યુક્રેન-રશિયા યુદ્ધ પર સરકારે સપ્ત કૂટનીતિ અપનાવીને યોગ્ય કામ કર્યું છે. તેમણે કહ્યું કે જ્યારે બે કે તેથી વધુ દેશો વચ્ચે યુદ્ધ થાય છે ત્યારે અન્ય દેશો પર પક્ષ પસંદ કરવાનું દબાણ હોય છે. તેમણે કહ્યું કે હું માનું છું કે ભારતે શાંતિની અપીલ કરતી વખતે આપણા સાર્વભૌમ અને આર્થિક હિતોને પ્રથમ રાખીને યોગ્ય કાર્ય કર્યું છે.

નોંધપાત્ર રીતે, ભારત આ વર્ષે જી-૨૦ દેશોની અધ્યક્ષતા કરી રહ્યું છે. આવી સ્થિતિમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન સહિત ઘણા દેશોના નેતાઓ ૯ અને ૧૦ સપ્ટેમ્બરે યોજાનારી જી-૨૦ સમિટ માટે દિલ્હીમાં એકઠા થશે. જો કે, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સમિટમાં ભાગ લઈ રહ્યા નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૦૦૪ અને ૨૦૧૪ વચ્ચે કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુપીએના બે કાર્યકાળ દરમિયાન વડા પ્રધાન રહેલા મનમોહન સિંહને શનિવારે જી-૨૦ નેતાઓના ડિનર માટે આમંત્રણ આપવામાં આવ્યું છે

## દ્વારકા, ડાકોર, શામળાજી સહિત ગુજરાતભરમાં ધામધૂમથી ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ ઉજવાયો

### ભગવાનના ધામમાં કોમી એકતાની મહેક, દ્વારકા મંદિરમાં મુસ્લિમ ભાઈઓએ શ્રીકૃષ્ણનો રથ ખેંચ્યો



અમદાવાદ,તા.૮

દ્વારકા, ડાકોર, શામળાજી સહિત સમગ્ર ગુજરાતભરમાં ધામધૂમથી ભગવાન કૃષ્ણનો જન્મ ઉજવાયો હતો રાત્રિના ૧૨ વાગ્યે ભગવાનનો જન્મ જ થતાં ભક્તોએ નંદ ઘેર આનંદ ભયોના નાદ લગાવ્યા તમામ ભક્તોએ ભગવાનનાં દર્શન કરીને ધન્યતા અનુભવી. ભગવાનનો જન્મ થતાં જ મંદિરોમાં જય કનૈયાલાલ કી હાથી ઘોડા પાલખીના નાથથી ગુંજી ઉઠ્યા.જગત મંદિર દ્વારકામાં અનોખું ચિત્ર જોવા મળ્યું. દ્વારકા મંદિરમાં મુસ્લિમ ભાઈઓએ કૃષ્ણના વધામણા કર્યા હતા. કાન્હા વિચાર મંચની શોભાયાત્રામાં મુસ્લિમ સમાજના ભાઈઓએ ભગવાનના રથને ખેંચ્યો.

કૃષ્ણજન્મોત્સવની ઉજવણીમાં દ્વારકાના મુસ્લિમો પણ સામેલ થાય છે. જે આજકાલથી નહીં, પણ અનેક પેઢીઓથી કોમી એખલાસનો માહોલ અહી જોવા મળે છે. જન્માષ્ટમી નિમિતે દ્વારકામાં કાન્હા વિચાર મંચની ભવ્ય શોભાયાત્રામા હિન્દુ મુસ્લિમ ભાઈચારાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું. મુસ્લિમ સમાજના ભાઈઓએ ભગવાન શ્રી કૃષ્ણના રથને ખેંચીને વ્હાલાના વધામણા કરાયા હતા. કાન્હા વિચાર મંચની રથયાત્રામાં દ્વારકા નગરજનોમાં ઉત્સાહભેર જોડાયા હતા.

શ્રીકૃષ્ણની નગરીમાં મુસ્લિમોની આસ્થા હંમેશા ચર્ચામાં રહે છે. દ્વારકાનો મુસ્લિમ પરિવાર ત્રણ પેઢીથી દ્વારકાધીશ મંદિરના પ્રાંગણમાં ઢોલ અને શરણાઈ વગાડે છે. દ્વારકા મંદિરે આવતી ધ્વજાના સામૈયામાં ફિરોજભાઈ ઢોલ વગાડી પોતાનું ગુજરાન ચલાવે છે. દ્વારકામાં રહેતા ફિરોઝભાઈ મંદિર પરિસરમાં ઢોલ વગાડે છે. ફિરોઝભાઈના પિતા અને દાદા પણ અહીં ઢોલ વગાડતા હતા. ફિરોઝભાઈ પણ પોતાના પિતા પાસેથી ઢોલ વગાડતા શીખ્યા છે. દિવસ દરમિયાન મંદિરમાં પાંચ ધ્વજા ચડે છે. ત્યારે ધ્વજાના સામૈયા સમેય ફિરોઝભાઈ ઢોલ વગાડે છે.અમદાવાદમા ઈસ્કોન મંદિર દ્વારા પ્રતિ વર્ષ કૃષ્ણ જન્મોત્સવની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જન્માષ્ટમીના પાવન પર્વે અમદાવાદના ઈસ્કોન મંદિર ખાતે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.તેમણે ભગવાનની આરતી પણ ઉતારી હતી.મુખ્યમંત્રી આ વર્ષે જન્માષ્ટમી મહોત્સવના લોકોત્સવમાં જનઉમંગમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીએ સૌના કલ્યાણ સાથે રાજ્ય અને દેશની પ્રગતિમાં પ્રભુ કૃપા વરસતી રહે તેવી પ્રાર્થના રાધાકૃષ્ણ ભગવાનના ચરણોમાં કરી હતી.આ પ્રસંગે ધારાસભ્ય અમિત ઠાકર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટ સહિતના પદાધિકારીઓ અને વિશાળ સંખ્યા માં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.સોમનાથ મહાદેવના જ્યોતિર્લિંગ પર શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી તેમના ચારણોમાં માખણનો ઘડો ધરવવામાં આવ્યો હતાં.

### અમેરિકા-સાઉદી સાથે રેલ-પોર્ટ ડીલમાં ભારત જોડાશે

## મધ્ય પૂર્વમાં ચીનનો સામનો કરવા માટે ઘડવામાં આવી રણનીતિ, જી-૨૦ દરમિયાન ચર્ચાની શક્યતા

નવીદિલ્હી,તા.૮

ભારત, અમેરિકા અને સાઉદી અરેબિયા વચ્ચે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડીલ ફાઈનલ થઈ શકે છે. આ અંતર્ગત ગલ્ફ દેશોને આરબ દેશો સાથે જોડવા માટે રેલવે પ્રોજેક્ટ પર ચર્ચા થઈ હતી. આ રેલવે નેટવર્ક પોર્ટ અને શિપિંગ લેન દ્વારા પણ ભારત સાથે જોડવામાં આવશે. આ ડીલ માટે ત્રણેય નેતાઓ વચ્ચે વાતચીત ચાલી રહી છે.

ત્રણેય દેશોના નેતાઓની ય્-૨૦ સમિટ દરમિયાન આ મુદ્દે ચર્ચા થવાની શક્યતા છે. આ પ્રોજેક્ટ હેઠળ રેલ અને પોર્ટને ડેવલપમેન્ટ કરવામાં આવશે. આ માહિતી સૌપ્રથમ અમેરિકન અખબાર એક્સિયસ તરફથી મળી હતી. આ પ્રોજેક્ટ શરૂ કરવા પાછળ ચીનની બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ કારણભૂત હોવાનું કહેવાય છે.

બાઈડન વહીવટીતંત્ર સાઉદી અરેબિયા અને ઈઝરાયેલ વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવા અને ૨૦૨૪ની ચૂંટણી પહેલા આ ડીલને અંતિમ સ્વરૂપ આપવાનો પ્રયાસ કરી રહ્યુંં છે. અગાઉ મે મહિનામાં એવા સમાચાર આવ્યા હતા કે ભારતના દ્ગજીછ અજીત ડોભાલે સાઉદી અરેબિયામાં અમેરિકા અને યુએઈના એનએસએ સાથે આ ડીલ પર ચર્ચા કરી છે.આ ફોરમની રચના ૨૦૨૧માં મધ્ય પૂર્વમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની રણનીતિ નક્કી કરવા માટે કરવામાં આવી હતી. ફોરમમાં હાજર રહેલા ઈઝરાયેલના એક અધિકારીએ એક્સિયસને જણાવ્યું હતું કે મહિનાઓથી ચાલી રહેલી મંત્રણામાં કોઈ દેશે ચીનનું નામ લીધું નથી, પરંતુ ચીનના કારણે તે સર્જાઈ રહ્યું છે. ઈઝરાયલે મધ્ય પૂર્વમાં ચીનના પ્રભાવને ઘટાડવા માટે આ પ્રોજેક્ટનો વિચાર પણ આપ્યો હતો. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં ભારતની નિપુણતાને જોતા તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.અહેવાલ મુજબ ચીન પશ્ચિમ એશિયામાં સતત પોતાનો પ્રભાવ વધારી રહ્યું છે. ચીનના નેતૃત્વમાં સાઉદી અરેબિયા અને ઈરાન વચ્ચે તાજેતરમાં થયેલી સમજૂતીએ ભારતની સાથે સાથે અમેરિકાને પણ ચોંકાવી દીધું હતું. આ કરારથી પશ્ચિમ એશિયામાં ભારતના હિતોને પણ અસર થઈ શકે છે. પ્રોજેક્ટ હેઠળ જો ખાડી અને અરેબિયા વચ્ચેના રેલવે નેટવર્કને દરિયાઈ માર્ગે દક્ષિણ એશિયા સાથે જોડવામાં આવશે તો તેલ અને ગેસ ભારતમાં ઝડપથી અને ઓછા ખર્ચે પહોંચશે. આ કનેક્ટિવિટીથી ગલ્ફ દેશોમાં રહેતા ભારતના ૮૦ લાખ લોકોને પણ ફાયદો થશે.સરકારને લાગે છે કે પાકિસ્તાનના કારણે તેના પશ્ચિમી પડોશીઓ સાથે ભારતની કનેક્ટિવિટી પ્રભાવિત થઈ છે. જેના કારણે તેમની સાથેના સંબંધો સુધારવા માટે ઘણા ઓવરલેન્ડ રૂટ બંધ કરવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે ચાહબાર (ઈરાન), બંદર-એ-અબ્બાસ (ઈરાન), દુકમ (ઓમાન), જેદ્દાહ (સાઉદી અરેબિયા) અને કુવૈત શહેર. હવે નવો રેલવે પ્રોજેક્ટ આ પડકારનો સામનો કરવામાં ભારતને મદદ કરશે.

## મલ્લિકાર્જુન ખડગેને જી ૨૦ ડિનર માટે ન અપાયું,મમતા અને નીતીશકુમાર ભાગ લેશે

નવીદિલ્હી,તા.૮

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પ્રમુખ દ્રૌપદી મુર્મુ દ્વારા જી ૨૦ ડિનર માટે આમંત્રણ મોકલવામાં આવ્યું નથી. રાષ્ટ્રપતિ દ્વારા વિપક્ષી પાર્ટીઓના નેતાઓને ડિનરમાં હાજરી આપવા માટે આમંત્રણ મોકલવામાં આવ્યું હતું. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ૯ સપ્ટેમ્બરે આયોજિત રાત્રિભોજનમાં તેમની ભાગીદારીની પુષ્ટિ કરી છે.મલ્લિકાર્જુન ખડગેની ઓફિસે જણાવ્યું કે તેમને ડિનર માટે આમંત્રણ આપવામાં આવ્યું નથી. મલ્લિકાર્જુન ખડગે દેશની સૌથી મોટી વિપક્ષી પાર્ટી કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ છે. શનિવારે રાષ્ટ્રપતિ દ્વારા ડિનરનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડિનર દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે જી ૨૦ સમિટ માટે તૈયાર કરાયેલા ભારત મંડપમમાં યોજાશે. તે એક નાનો સાંસ્કૃતિક કાર્યક્રમ હશે. ય્૨૦ કોન્ફરન્સ માટે વિશેષ સચિવ મુક્તેશ પરદેશીએ જણાવ્યું કે સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે ડિનરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.રાષ્ટ્રપતિના જી૨૦ ભોજન સમારંભમાં હાજરી આપવા માટે મમતા બેનર્જી શનિવારે દિલ્હી આવશે. અધિકારીઓએ જણાવ્યું કે બેનર્જી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના આમંત્રણ પર રાષ્ટ્રીય રાજધાનીની મુલાકાત લેશે.

## તંત્રી લેખ......

# હવે મિત્ર રશિયાના ટાપુઓ પર પણ ચીનની નજર

ઓગસ્ટમાં ચીને તેનો નવો સત્તાવાર નકશો જાહેર કર્યો હતો. ત્યારથી જ હોબાળો મચી ગયો છે. નકશામાં ભારતના અરુણાચલ પ્રદેશ અને અક્સાઈ ચીનને તેના દેશમાં સામેલ કરવામાં આવ્યા છે. ભારતીય ભાગો ઉપરાંત તેણે તાઈવાન અને વિવાદિત દક્ષિણ ચીન સાગરનો પણ સમાવેશ કર્યો હતો. ત્યારથી ભારત સહિત ઘણા દેશો ચીનની વિસ્તરણવાદી યોજનાઓ પર ગુસ્સે છે.

અત્યાર સુધી ફિલિપાઈન્સ, મલેશિયા, તાઈવાન, નેપાળ અને વિયેતનામ ચીનના નકશા પર વાંધો ઉઠાવતા આવ્યા છે. મલેશિયાએ તેનો સીધો રાજદ્વારી વિરોધ વ્યક્ત કર્યો. જ્યારે ચીનનું કહેવું છે કે તેણે ઐતિહાસિક નકશાના આધારે નવો નકશો તૈયાર કર્યો છે. અગાઉ જ્યારે પણ ચીને સંયુક્ત રાષ્ટ્રને પોતાનો નકશો સોંપ્યો હતો ત્યારે તેણે પોતાની સરહદો સંકોચાઈને બતાવી હતી. આ પણ સમજી શકાય તેવું છે, પરંતુ પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાએ રશિયાને પણ છોડ્યું ન હતું. નવા નકશામાં ચીનમાં બોલ્શોઈ ઉસુરીસ્કી નામનો ટાપુ પણ દેખાઈ રહ્યો છે, જ્યારે રશિયાનું કહેવું છે કે આ તેનો ટાપુ છે. રશિયાના ખાબોરોવસ્ક શહેર પાસેના આ ટાપુ પર બંને દેશો વચ્ચે તણાવ ચાલી રહ્યો છે. સાઠના દાયકાની શરૂઆતની વાત છે, જ્યારે રશિયા (તત્કાલીન સોવિયત યુનિયન) અને ચીન વચ્ચેના સંબંધો વણસવા લાગ્યા હતા. માર્ચ ૧૯૬૯ની શરૂઆતમાં પણ ચીને રશિયા પર હુમલો કર્યો હતો.

ચાર દાયકાના વિવાદ બાદ વર્ષ ૨૦૦૫માં સમજૂતી થઈ હતી. આ અંતર્ગત ચીનને ટાપુના ૩૫૦ ચોરસ કિલોમીટરમાંથી લગભગ ૧૫૦ કિલોમીટરની ત્રિજ્યા મળી, જ્યારે બાકીનો ભાગ રશિયાનો બની ગયો. થોડા સમય પછી બે ભાગ વચ્ચે જમીનનું વિભાજન પણ થઈ ગયું. હવે સમસ્યા એ છે કે ચીન પણ આ રશિયન ભાગને પોતાનો દાવો કરી રહ્યું છે. આ બધું એવા સમયે થઈ રહ્યું છે જ્યારે સમગ્ર વિશ્વ રશિયાથી દૂર નથી, ચીન પણ સરહદો વધારવાની વ્યૂહરચનાથી નિશાના પર છે.દરેક દેશની પોતાની નેશનલ મેપ એજન્સી અથવા ઘણી સંસ્થાઓ છે, જે નકશા પર કામ કરે છે. પરંતુ વિવાદિત સરહદને રાખોડી બિંદુઓ મૂકીને છોડી દેવામાં આવે છે, ભલે દેશો સંયુક્ત રાષ્ટ્રમાં તેમનો પક્ષ રાખે. લગભગ દરેક દેશ દર થોડાક વર્ષે તેના નકશાને સુધારે છે. આને મેપિંગ ચક્ર કહેવામાં આવે છે. ઘણી વખત, આ ચક્ર દરમિયાન, દેશો જાણીજોઈને કેટલીક ભૂલો કરે છે, જેમ કે ચીને હમણાં કર્યું છે.

## ગઝલ આસ્વાદ : ૧૪

કાશ ધાર્યું થતે જરા જેવું;
હું સમજતે મળ્યું ગજા જેવું.

હાસ્ય સાથે સજળ થતી આંખો;
કંઈ પ્રસંગે નથી મઝા જેવું.

બાખડુ છું હું મારી છાયાથી;
એનું હોવું છે એક સગા જેવું.

પહેલાં તો મેં ય બંદગી કીધી;
-પણ મળ્યું ના કશું નશા જેવું.

પાંપણે દે સ્મરણ ટકોરાઓ;
ક્યાં રહ્યું મારે ઊંઘવા જેવું.

બેઅસર છે દવા તબીબ હવે;
આપ તું પણ મને દુઆ જેવું.

ખોટું-ખોટું બધે જ ચાલે છે;
એજ તો સત્ય છે ખરા જેવું.

એવો અહેસાસ આપ ઓ ઈશ્વર!
જીવતર લાગે જીવવા જેવું.

ચાલવા કીધું તો હું ચાલુ છું;
હું નથી જાણતો દિશા જેવું.

ડૂબું ડૂબું થતી આ નૌકામાં;
નાખુદા બબડે કંઈ ખુદા જેવું.

પ્રેમ"નાશાદ" એક હતી ઘટના;
ના થયું કંઈ જ વારતા જેવું.

ગુલામ અબ્બાસ "નાશાદ "

કવિ શ્રી ગુલામ અબ્બાસ નાશાદ' બરોડા માં નિવાસ કરે છે. એમના પિસ્તાળીશથી પણ વધારે પુસ્તકો પ્રકાશિત થયાં છે. કવિ શ્રી ખૂબ ચોટદાર ગઝલ બનાવે છે. એ જેટલા લાયક ગઝલકાર છે એટલા જ વ્યક્તિ તરીકે ખૂબ પ્રેમાળ અને નમ્ર પણ છે. સીધા સાદા અને સરળ વ્યક્તિત્વવાળા 'નાશાદ સાહેબની આ ગઝલ મને એમની ટાઈમ લાઈન પરથી મળી. આ ગઝલ સરળ શબ્દોમાં લખાયેલી ચોટદાર ગઝલ છે.

કાશ ધાર્યું થતે જરા જેવું;
હું સમજતે મળ્યું ગજા જેવું.

જીવનમાં આપણું ધાર્યું કશું થતું નથી પણ જો થાય તો ખુદાનો મોટો અહેસાન થઈ જાય. એક નાનકડી ઈચ્છા રાખી હતી. જો એ પૂર્ણ થઈ જાત તો એને કવિ ગજા જેવું માની લેત. નાની નાની ઈચ્છાઓમાં ખુશી શોધતા કવિને કોઈ મોટી ઈચ્છા નથી. જે ખુદા તરફથી મળ્યું એને ખૂબ મોટું સમજી લેત.પણ કાશ એવું ધાર્યું થયું હોત તો! પણ ધાર્યું તો ધણીનું જ થાય છે. એટલે ખુદાની ખુશીમાં જ ખુશ રહેવું પડે છે.

હાસ્ય સાથે સજળ થતી આંખો;
કંઈ પ્રસંગે નથી મઝા જેવું.

માણસની પ્રકૃતિ છે કે સુખી હોય તો પણ આંખ ભરાઈ આવે અને દુઃખી હોય તો પણ આંસુ નીકળી આવે! એટલે ખુશીનો પ્રસંગ હોય તો પણ મઝા જેવું નથી. દુઃખમાં તો આંખ વરસી પડે છે. પણ હાસ્યમાં પણ આંખો ભીની થઈ જાય છે. તેથી કોઈ પણ પ્રસંગ હોય મજા જેવું નથી. કહે છે ને કે 'હઝારો તરહ કે યે હોતે હૈ આંસુ , અગર દિલમેં ગમ હો તો રોતે હૈ આંસુ ,ખુશીમેં ભી આંખે ભીગોતે હૈ આંસુ, ઈન્હેં જાન સકતા નહિ યે જમાના " ખુશીમાં પણ કયાં ખુશી જેવું લાગે છે આંખો તો છલકાઈ જાય છે. કોઈપણ પ્રસંગમાં મઝા જેવું નથી.

બાખડુ છું હું મારી છાયાથી;
એનું હોવું છે એક સગા જેવું.

પોતાના પડછાયાથી પણ ક્યારેક ઝગડો થઈ જાય છે. સગા સગામાં અંદર ઝગડાં ચાલતાં હોય છે. પણ પોતાની છાયાથી એટલે પોતાનાથી જ ઝગડો ચાલે છે. માણસની અંદર રહેલા માણસ સાથે પણ ઝગડાં થતાં રહે છે. માણસ કોઈ ખોટું કામ કરવા જાય તો અંદર રહેલો આત્મા એને ચેતવે પણ માણસ એની સામે કેટલીય દલીલો કરીને ઝગડીને પોતાનું ધાર્યું કરે છે. જાણે આપણે સગા સાથે લડીએ છીએ. પોતાની છાયા પણ ક્યારેક સાથ આપતી નથી. એનું હોવું પણ કોઈ સગું હોય એવું લાગે છે. ઝગડો પણ પોતાની સાથે થાય છે. પારકાની સાથે થોડો થાય?

પહેલાં તો મેં ય બંદગી કીધી;
-પણ મળ્યું ના કશું નશા જેવું.

બંદગી કરવામાં પણ મનન અને એકાગ્રતા જોઈએ છે. મોઢેથી રામ રામ કરવા થી કે ખુદા ખુદા કરવાથી ઈશ્વર પ્રાપ્ત થઈ જતો નથી. કવિ અહીં પોતાની જ વાત કરતા કહે છે કે મેં પણ બંદગી કરી,પણ મને એમાં કશું નશા જેવું ના મળ્યું. બંદગી કરવાથી જે શાંતિ મળવી જોઈએ એ ના મળી. બંદગીમાં પણ નશો હોય છે. ઈશ્વરને પ્રાપ્ત કરી લેવાનો નશો! જેમાં નશો ના હોય એવી બંદગીનો શું ફાયદો? સુમિરન કરો તો દિલથી કરો.

પાંપણે દે સ્મરણ ટકોરાઓ;
ક્યાં રહ્યું મારે ઊંઘવા જેવું.

રાત પડતા જાણે ક્યાંથી સ્મરણોના ઝુંડ ઉભરાય આવે. મન અતીતમાં ભટકવા લાગે. આ સ્મરણો આંખ બંધ કરો એટલે પાંપણ પર ટકોરા દે લો બોલો હવે ઊંઘવા જેવું ક્યાંથી રહે? ઊંઘને અને સ્મરણને જુના વેર છે. જો કોઈની યાદ આવી જાય તો ઊંઘ ભાગી જાય છે. પથારીમાં પડતા પાંપણ પર સ્મરણ ટકોરા દે એટલે ઊંઘને ભાગવું પડે છે. ત્યારે મન બોલી ઉઠે છે "ભૂલી હુઈ યાદો મુજેહ ઈતના ના સતાઓ, અબ ચેનસે રેહને દો મેરે પાસ ના આઓ!

બેઅસર છે દવા તબીબ હવે;
આપ તું પણ મને દુઆ જેવું.

લા ઈલાજ રોગ હોય તો એની દવા ક્યાંથી શોધવી? તબીબને પણ કહેવું પડે કે મારી દવાઓ હવે બેઅસર છે. તું બસ મને આપ દુઆ જેવું. જ્યારે તબીબ હથિયાર મૂકી દે ત્યારે દુઆ સિવાય કોઈ બીજો ઈલાજ નથી હોતો. પ્રેમરોગ એવો કે દુઆ પણ ક્યારેક કામ લાગતી નથી. જ્યારે તબીબ હાથ ઊંચા કરી દે ત્યારે સજદામાં માથું ઝૂકી જાય છે. છેવટે તબીબ પણ ખુદા પાસે હાથ ફેલાવે છે. કવિ તબીબને વિનંતી કરે છે કે તું હવે મારા માટે દુઆ કર.

ખોટું-ખોટું બધે જ ચાલે છે;
એજ તો સત્ય છે ખરા જેવું.

આ દુનિયામાં સાચું ક્યાં ચાલે છે? ખોટું ખોટું તો બધેજ ચાલે છે. એ હકીકત છે એજ સત્ય છે કે ખોટું બધે ચાલે છે. અને એજ વાત ખરા જેવી છે. સાચની આ દુનિયા નથી. મક્કાર અને ફરેબીની દુનિયા છે અને એજ સત્ય છે. એ સત્ય સ્વીકાર્યા સિવાય છૂટકો નથી. ફરેબીની દુનિયા છે એજ સત્ય છે.

એવો અહેસાસ આપ ઓ ઈશ્વર!
જીવતર લાગે જીવવા જેવું.

અંતે ઈશ્વરને હાથ જોડીને કવિ કહે છે કે,"હે ઈશ્વર, તું મને એવો એહસાસ આપ કે મને જીવતર લાગે જીવવા જેવું." બધી તરફથી નિરાશા ઘેરી વળી હોય તો ત્યારે હાથ દુઆ માટે ઉઠી જાય છે અને માનવ કરગરી પડે છે કે મને એવો કોઈ એહસાસ આપ કે મને આ જીવન જીવવા જેવું લાગે! આ દુનિયા એટલી ખરાબ નથી એવો કોઈ ઈશારો એવો કોઈ એહસાસ કરાવે તો જીવવા જેવું લાગે ! આપણે મનોવિજ્ઞાનીક પાસે જઈએ તો આપણને નિરાશામાંથી બહાર કાઢે છે. વાતવાતમાં આપણે ભરોસો આપે છે કે આ જીવન જીવવા જેવું મધુર છે. એ વાત કવિ ઈશ્વર પાસે માંગે છે.

ચાલવા કીધું તો હું ચાલુ છું;
હું નથી જાણતો દિશા જેવું.

કોઈ એક માર્ગ કોઈ એક દિશા સમાજે કે ધર્મએ બતાવી એ દિશામાં આપણે ચાલી નીકળીએ છીએ. માર્ગ બતાવ્યો છે. પણ કોઈ દિશા જેવું નક્કી નથી. કોઈએ કહ્યું એટલે ચાલવા લાગ્યા. મંઝિલની ખબર નથી. જિંદગી કઈ દિશા તરફ જઈ રહી છે એ પણ કવિ જાણતા નથી. માર્ગદર્શકે ચાલવા કહ્યું એટલે ચાલી નીકળીએ છીએ. પણ કઈ દિશામાં જઈએ છીએ એનું ભાન નથી.

ડૂબું ડૂબું થતી આ નૌકામાં;
નાખુદા બબડે કંઈ ખુદા જેવું.

નાખુદા ક્યારે ખુદાને યાદ કરે? જ્યારે એને લાગે કે મારી નૌકા ડૂબી જશે. આપણે બધા શું એવી નૌકામાં સવાર નથી? જ્યારે જીવનની આ નૌકા ડૂબવા લાગે ત્યારે ખુદા યાદ આવે છે. હાલનો દાખલો છે કરોનાની વબા જ્યારે માથા પર આવી ત્યારે આવ્યો ખુદા યાદ! હવે જ્યારે જીવનની સાંજ પડવા આવી જીવન નૈયા ડૂબવાની તૈયારી છે ત્યારે ખુદા યાદ આવે છે.

પ્રેમ"નાશાદ" એક હતી ઘટના;
ના થયું કંઈ જ વારતા જેવું.

ઘણા માણસના જીવનમાં પ્રેમ એક ઘટના તરીકે જ આવે છે. અચાનક બની જાય છે, એક બનાવ પછી એની વાર્તા બનતી નથી. વાર્તા એટલે લગભગ જીવન આખું. બસ કોઈ ના જીવનમાં ઘટના તો કોઈ ના જીવનમાં અવસર તો કોઈના જીવનમાં વાર્તા બને છે. પણ અહીં એક ઘટના જ હતી. વાહ નાશાદ સાહેબ એક સુંદર!

સપના વિજાપુરા

# ૧૦ સપ્ટેમ્બર, "વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ"




આજે દિવસે દિવસે વધતા જતા તણાવને કારણે દુનિયાભરમાં આત્મહત્યાનાં કિસ્સા વધતા જઈ રહ્યા છે ત્યારે તેને રોકવા ખૂબ જ જરૂરી છે. આ માટે લોકોને જાગૃત કરવા માટેના ઉદ્દેશ્યથી દર વર્ષે ૧૦ સપ્ટેમ્બરે "વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ" ઉજવવામાં આવે છે. આત્મહત્યા પાછળ હંમેશા મનોચિકિત્સક, સામાજીક, આર્થિક, પરિવારિક અને વ્યક્તિગત કારણ હોય છે. દેશમાં પાછલા વર્ષની સરખામણીમાં દર વર્ષે આત્મહત્યાનાં બનાવોમાં વધારો થઈ રહ્યો છે. આત્મહત્યા માટે ધંધા-રોજગારીનો અભાવ, આર્થિ?ક ભીંસ,મંદી, પ્રેમ કે આકર્ષણમાં નિષ્ફળતા, વ્યાજખોરોનું દુષણ, કૌટુંબિક સમસ્યા, વિદ્યાર્થી?ઓમાં ભણતરનો ભાર,પતિ પત્ની વચ્ચે સંઘર્ષ,દેખાદેખી,દૂષપ્રેરણા ,અંધશ્રદ્ધા,ખોટી ચિંતા કે તણાવ,સગાઈ તૂટી જવી,શારીરિક શોષણ જેવા કારણો મુખ્ય જોવા મળે છે. આત્મહત્યાને રોકવા કે આત્મહત્યાનાં વિચારને રોકવા માટે જીવન પ્રત્યે સંતુલિત દ્રષ્ટિકોણ રાખવો ખુબ જરૂરી છે. સારા કે ખરાબ બંને જીવન જીવવા માટેના પાસા છે. જીવનમાં સુખ અને દુઃખ બંને આવે છે, બંને એક સિક્કાની બે બાજુઓ જેવા જ છે. પોતાની ભૂલોમાંથી કાયમ શીખવું જોઈએ. ક્યારેક એવું થાય છે કે કાંઇ ગમતું નથી. ક્યારેક જીંદગી અટકી ગઈ હોય એવું લાગે છે. મન ખૂબ ઉદાસ થઇ જાય છે, પણ આ બધું શું નોર્મલ નથી? આપણે માણસ છીએ તો ખુશીની લાગણીની જેમ ઉદાસીની લાગણી પણ થાય જ. આપણે ખુશીઓ સ્વીકારવા કેટલા ઉત્સુક હોઈએ છીએ, તો એવી જ રીતે ક્યારેક ઉદાસીને પણ ગળે વળગાડી દઇએ. બસ એને પકડી ના રાખીએ. એને પણ એક આલિંગન આપીને જવા દઈએ. ઉદાસ હોવું કે દુઃખી હોવું એ પણ આપણા માણસ હોવાની સાબિતી જ તો છે. બસ ઉદાસીને ડીપ્રેશનમાં પરિવર્તિત ન થવા દેવું જોઈએ. અત્યારની આ ગળાકાપ હરિફાઈની દુનિયામાં નિષ્ફળતા પણ મળવાની જ છે. જો કોઇ એક પરીક્ષા માટે ૧૦૦ માણસ પ્રયત્નો કરતા હોય તો તેમાં તે બધા જ થોડા પાસ થવાના છે? કોઈક તો નાપાસ થશે જ. પણ તે નિષ્ફળતા કાયમી થોડી છે? અને દરેક જણ પરફેક્ટ અને પૂર્ણ જ થોડું હોય? જો એવું હોય, તો પછી કોઈ સામાન્ય (ક્વિહક્રિ) રહેશે જ નહી. દુનિયાની કોઈપણ કિતાબમાં જવાબો શોધી લો. પણ જીંદગી તો રોજ તમને સિલેબસ બહારનાં જ સવાલો પૂછવાની! તો ચાલો પોતાની જાતને નિષ્ફળ કે નબળા સમજવાને બદલે, જીંદગીએ પૂછેલા સવાલોનો ખુલ્લા મને અને ખુલ્લા દિલે હિંમતભેર જવાબ આપીએ.જો મનમાં વારંવાર આત્મહત્યાના વિચાર આવે ત્યારે આવી રીતે પોતાની જાતને મદદ કરવી જોઈએ. આત્મહત્યા એ એક ખૂબ જ ગંભીર શારીરિક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક સમસ્યા છે. જો આપ કોઈ તણાવમાંથી પસાર થઈ રહ્યા હો તો ગુજરાત સરકારની જિંદગી હેલ્પલાઈન ૧૦૯૬' પર કે ભારત સરકારની 'જીવનસાથી હેલ્પલાઇન ૧૮૦૦ ૨૩૩ ૩૩૩૦' પર ફોન કરી શકો છો. અન્ય જુદા જુદા ઉપાયો થકી પણ નકારાત્મક વિચારોને દૂર કરી શકાય છેઃ

૧. કોઈ સાથે વાત કરોઃ

કોઈ સાથે પોતાની લાગણીઓને શેર કરવી એક મહત્વપૂર્ણ કાર્ય છે. કારણ કે, મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. માટે તેને પ્રેમ, સ્નેહ, હૂંફ અને સાથ-સહકારની જરૂર હોય છે. જો તમે દુઃખી હોય અને આત્મહત્યાના વિચાર આવે ત્યારે પોતાની જાતને પોતાની રીતે નિયંત્રણમાં રાખવાની જીદ છોડી અન્યની મદદ લેવી. જેમ કે પોતાના મિત્ર, પરિવારજન, નજીકના સગાઓની અને જરૂર પડ્યે મનોચિકિત્સકની મદદ લેવી પણ ઉચિત છે.

૨. એકલા બિલકુલ ન રહોઃ

આજના સમયમાં મોટાભાગના યુવાનો શહેરમાં પરિવારથી દૂર એકલા રહેવાનું પસંદ કરે છે ત્યારે આત્મઘાતી વિચારો આવે તો થોડા સમય માટે કોઈને સાથે રહેવા બોલાવી લેવા જોઈએ.

૩. થેરાપી અને ઉપચાર લોઃ

જો તમને મહેસુસ થાય કે, મનમાં એવા વિચાર આવે છે તો થેરાપીસ્ટને કન્સલ્ટ કરવા જોઈએ.

૪ .

યોગ,સૂર્યપ્રકાશ,શાકાહાર,સંતુલિત જીવન શૈલી અપનાવો. ખોટી હાય વોય છોડી દો. રાગ, દ્વેષ, ઈર્ષા, મોહ, મત્સર, કામ, ક્રોધ, વ્યસન જેવાં દુષણોથી દુર રહો.

૫. પશુ, પક્ષીઓ સાથેની મૈત્રી : પશુ, પક્ષીઓ નિર્દોષ હોય છે. તેમની સાથેની મિત્રતા ડીપ્રેશનમાંથી બહાર નીકળવાનો સુંદર રસ્તો છે, કારણ કે તેમના જેવી નિર્દોષ અને અપેક્ષા વગરની મૈત્રી કોઈ ન આપી શકે.

૬. નાના બાળકો સાથે સમય વીતાવો : નાના બાળકો સાથે કિલ્લોલ, તોફાન મસ્તી જિંદગીમાં નવી ઉર્જા ભરી દેતી હોય છે તેથી એવો પણ પ્રયત્ન કરવો જોઈએ કે આસપાસનાં, પાડોશનાં કે પોતાના બાળકો સાથે દિવસમાં એક કલાકનો સમય જરૂર વિતાવવો જોઈએ.

૭. સતત પ્રવૃત્તિશીલ રહેવું જોઈએ : જો ઉત્પાદક પ્રવૃત્તિ મળતી હોય તો ખુબ સારું પરંતુ જો ઉત્પાદક પ્રવૃત્તિ ન જ મળે તો કોઈ પણ સાત્વિક, ભલે ને બિનઉત્પાદક હોય તેવી પ્રવૃત્તિમાં જાતને વ્યસ્ત રાખવી જોઈએ. વ્યસ્તતા ખુબ હોય તેવી વ્યક્તિઓને નકારાત્મક વિચારો આવવાની સંભાવના ખુબ ઘટી જતી હોય છે અને રાત્રિ પડ્યે શરીર ખુબ થાકી જાય એવું હોય એટલે શરીરને પણ પથારીમાં ગયા સિવાય કોઈ છુટકો રહેતો નથી અને તરત જ ઊંઘ આવવા લાગે છે જેથી નકારાત્મક વિચારો કરવા માટે મનને પણ કોઈ સમય મળતો નથી. આ રીતે પરોક્ષ રીતે પણ આત્મહત્યાનાં વિચારોને અટકાવી શકાય છે.

૮. પરોપકારી પ્રવૃતિઓમાં તન, મન, ધનથી સક્રિય થવું જોઈએ. પરોપકારી પ્રવૃતિઓમાં સક્રિય થવાથી માણસને ખ્યાલ આવે છે કે એના કરતા તો લાખો, કરોડો લોકો, અબોલ જીવો ખુબ દુઃખી છે અને આપણે તેમને નાનકડી મદદ કરીએ તો તેમનું દુઃખ સુખમાં પરીણમી શકે છે અને આમ કરવાથી આપણા દુઃખ પર પણ મલમ સરીખી રાહત મળી શકે છે. ' ભૂલવી જ હોય જો ખુદ કેરી વ્યથા તો અન્યનાં આંસુ લુછી જુઓ.'

? ઉદાસીને પણ આલિંગન આપીને જવા દેવું જોઈએ પકડી ન રાખવું જોઈએ

? જિંદગીએ પુછેલા સિલેબસ બહારનાં સવાલોનાં જવાબો પણ જુસ્સાથી આપવા જોઈએ

-

મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

આભાર - નિહારીકા રવિયા ? ૧૦ સપ્ટેમ્બર, "વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ"

? ઉદાસીને પણ આલિંગન આપીને જવા દેવું જોઈએ; પકડી ન રાખવું જોઈએ

? જિંદગીએ પુછેલા સિલેબસ બહારનાં સવાલોનાં જવાબો પણ જુસ્સાથી આપવા જોઈએ

? 'ભૂલવી જ હોય જો ખુદ કેરી વ્યથા તો અન્યનાં આંસુ લુછી જુઓ'

# પ્રદેશ ભાજપ ના મહત્વપૂર્ણ હોદ્દા માં અને મંત્રી મંડળ માં ટુંક માં મોટા ફેરફાર

ગુજરાત ભારતીય જનતા પાર્ટી ના અને આર.આર.એસ. પરિવાર સાથે ના એક મોટા નેતા ની દિલ્હીની મુલાકાત, અને આરઆરએસ ના નેતાઓ સાથે બેઠક પૂર્ણ થતા રાષ્ટ્રીય ભાજપા અગ્રણી નેતા પાસેથી હાલ દિલ્હી ખાતે મળેલ વિશ્વાસ પાત્ર સમાચાર મુજબ આગામી અઠવાડિયા માં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી ના પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલ ના નેતૃત્વ હેઠળ પ્રદેશ ભારતીય જનતા પાર્ટી ના માળખામાં તેમજ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી ના વિવિધ મોરચો ઓમાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવનાર છે. પ્રદેશ ભાજપ કાર્યાલય ના મહામંત્રી તરીકે અનેક સંગઠનો સાથે સંકળાયેલા અને આર.આર.એસ.અને ભાજપ ના પ્રખર નેતા ના પરિવાર ના ભાજપ ના કાર્યકરો ના લોકપ્રિય કાર્યકર ની નિમણૂંક કરવામાં આવશે સાથે પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચો ના અદયક્ષ કે જેઓ કેન્દ્રીય મંત્રીશ્રી પુરુષોતમ રૂપાલા ની લાગવગથી નિમણુંક પામેલ તેમને બક્ષીપંચ જ્ઞાતિ ના આગેવાનો કાર્યકરો ની નારાજગી ધયાને લઈ ને તેમને દુર કરવામાં આવશે. તેમજ પ્રદેશ મહામંત્રી, મંત્રીઓ, ઉપ પ્રમુખ તથા ધણા બધા મોરચો ના નેતાઓ ને પડતા મુકી ભાજપ ના સક્રિય સંનિષ્ઠ અને નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવશે સાથે જ ગુજરાત મંત્રી મંડળ ના વિસ્તરણ સાથે ઉત્તર ગુજરાત પાછલા દરવાજે ભાજપ માં ઘૂસેલા એક કેબીનેટ મંત્રીને પડતા મુકવામાં આવશે અને અન્ય મંત્રી ઓને પડતા મુકી નો રીપીટ થીયરી મુજબ ધારાસભ્યોને સ્થાન આપી મંત્રી મંડળ ના વિસ્તરણ કરવામાં આવશે જેમાં મુળ ભાજપ ના પાંચ કેબીનેટ મંત્રી ઓના સમાવેશ સાથે તેમજ કેટલાક યુવા તજજ્ઞ ધારાસભ્યોને મંત્રી મંડળ રાજય કક્ષાના મંત્રી તેમજ સંસદીય સચિવો માં સમાવેશ કરવામાં આવશે તેમજ કેટલાક યુવા તજજ્ઞ સક્રિય કાર્યકરો ને ગુજરાતમાં સરકાર ના બોર્ડ નિગમમાં ચેરમેન ડિરેકટર પદે નિમણુંકો આપી ૧૫૬ સીટો જીતાડનાર કાર્યકરો ની સેવા ની કદર કરવામાં આવશે. પ્રદેશ ભાજપ અને મંત્રી મંડળ માં મોટા નેતાઓ ના પતતા કપાશે આ અગાઉ ભાજપ ના શુભચિંતકોએ મુખ્યમંત્રી શ્રી પ્રદેશ પ્રમુખ શ્રી ને ઈમેઈલ દવારા જાણ કરવા છતાં તેમના દવારા સંતોષ કારક પ્રતિભાવ ન મળતા તેમને આરઆરએસ ના ખાસ લોકશાહી ના પ્રખર પ્રહેરી અને આરઆરએસ તથા ગુજરાત ભાજપ નું મોટું માથુ કે જે હોદ્દા કે ટીકીટ પણ માગી નથી એવા પરિવાર ની શ્રી સી.આર.પાટીલ સિવાય અન્ય ની વિગતે ફરીયાદો દિલ્હીના દરબારમાં મોટા નેતાઓ સમક્ષ તમામ હકીકત અને ફરીયાદો પહોંચતાં અમદાવાદ સિધુભવન રોડ પરની વીઆઈપી હોટલમાં હાજર કેબીનેટ મંત્રી મોરચા ના નેતા જુના અગ્રણીઓ પૂર્વ હાલ ના સાંસદ પૂર્વ હાલ ના કેટલાક ધારાસભ્યો આમ આદમી ના મહામંત્રી સોરઠીયા તેમજ કોગ્રેસ ના નેતાઓ ધારાસભ્ય અને ગુજરાત ના પ્રભારી વચ્ચે યોજાયેલી મિટીંગો બાબતે જાણ થતાં ભાજપ પક્ષના મોવડીઓ પણ ચોકી ઉઠયા છે. પત્રિકા યુદ્ધ તો કેટલાક ની હકાલપટ્ટી બાદ ગુજરાત ભાજપ સંગઠન અને સરકાર માટેદિલ્હી ખાતે રાષ્ટ્રીય સંગઠનના હોદ્દેદારો, પ્રભારી નેતા ને સપષટ સંદેશ અને વિગતવાર સુચનાઓજન્માષ્ટમી બાદ લિસ્ટ આપી દેવામાં આવશે અને ગુજરાત ની મેટર ને હળવાશ થી ન લેવા સુચનાઓ આપવામાં આવશે જેનો આગામી અઠવાડિયા માંઅમલ કરવામાંઆવશે

## ભારત જોડો યાત્રને એક વર્ષ પૂરું થતા અનોખી ઉજવણી

# યુવા કોંગ્રેસ રાજ્યમાં આવનારા ત્રણ મહિનામાં મહત્વપૂર્ણ કાર્યક્રમો આપશે




રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા'ને એક વર્ષ પૂરું થતા ભારતીય યુવા કોંગ્રેસ વિવિધ પ્રકારનાં કાર્યક્રમો આપશે તેના વિશે અમદાવાદમાં આવેલ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસ વાર્તામાં ગુજરાત યુવા કોંગ્રેસના ઉપપમુખ અને મહામંત્રીએ માહિતી આપી હતી.

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ મુકેશ મનીષા પરીખે જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા'ની ચર્ચા ભારત દેશમાં માત્ર નથી થઈ પણ વિદેશમાં ભારે ચર્ચા કરવામાં આવી હતી.રાહુલ ગાંધીની સકારાત્મક સોચના કારણે દેશમાં લોકપ્રિયતમાં વધારો થયો છે. રાહુલ ગાંધીએ ભારત જોડો યાત્રામાં ગરીબો, વંચિતો , બેરોજગાર અને ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. 'ભારત જોડો યાત્રા'ને એક વર્ષ પૂરું થતા યુથ કોંગ્રેસ રાજયમાં વિવિધ પ્રકારના કાર્યક્રમો આપશે.

ગુજરાત યુવા કોંગ્રેસના મહામંત્રી મુકેશ આંજણાએ જણાવ્યું હતું કે આગામી ત્રણ મહિનામાં યુવા કોંગ્રેસ સાથે મળીને પ્રદેશ કોંગ્રેસ સાથે સંકલન કરીને 'ભારત જોડો' યાત્રાનું આયોજન કરવામાં આવશે. યુવા કોંગ્રેસ પ્રદેશ અને જિલ્લા સ્તર પર 'મોહબ્બત કી દુકાન' બેનર હેઠળ કાર્યક્રમ આવપવામાં આવશે. સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. યુવા કોંગ્રેસ 'ભારત જોડો' યાત્રાનો સંદેશો લોકો સુધી પહોંચાડવા માટે ફોટો પ્રદર્શન અને 'સ્પીક ઉપ ફોર ભારત જોડો' કાર્યક્રમ અને વિવિધસ્તર પર યુવા કોંગ્રેસ રમત ગમત અને રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવશે.

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી મુકેશ આંજણા કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશવાસીઓને જુઠા વચન આપીને સત્તા હાંસલ કરી છે. પ્રતિ વર્ષ ૨ કરોડ નોકરી આપવાનો વાયદો જૂઠો સાબિત થયો છે અને દેશના યુવાનો સાથે નીચે સરકારે ગદ્દારી કરી છે. ભારત દેશમાં મોટા ભાગના યુવાનો દસ પંદર હજારની નોકરી કોન્ટ્રાકટ પર કરીને પોતાના જીવનનો અમૂલ્ય સમય બરબાદ કરી રહ્યા છે. ભારતમાં બેરોજગારીનો દર ૭.૯૫ ટકા થયો છે તે શરમજનક બાબત કહી શકાય છે. દેશમાં ૯.૬૪ લાખ નોકરીની જગ્યા ખાલી પડી છે, સરકાર દ્વારા ભરવામાં આવી રહી નથી

# હળવદ મહિલા મંડળ, મુંબઈના નવા હોદ્દેદારો

**હળવદ મહિલા મંડળ, મુંબઈના નવા પ્રમુખ તરીકે જયશ્રીબહેન ચૌહાણની નિમણૂક કરવામાં આવી છે. ઉપપ્રમુખ પ્રતિભા બહેન જોશી, સેક્રેટરી રૂપાબહેન, ખજાનચી જયશ્રીબહેન પટેલ, માનદ સભ્યો તૃપ્તિબહેન શુકલ, મનોરમાબહેન શુકલ, ભારતીબહેન રાવલ, હેમાબહેન રાવલ, શીતલ જોશી, દર્શના રાવલ, કામિની દવે, બીજલ દવે છે. અગાઉના પ્રમુખ દેવીબહેનના નિધનને લીધે આ નવી નિમણૂક થઈ છે.**

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO:153
વિષય: "સ્વધર્મ રક્ષણ" શીર્ષક:"સ્વધર્મ પરમ ધર્મ"
પ્રકાર:પધ્ય. શબ્દો:૧૧૯ લેખક નું નામ: જિતેન્દ્ર શાહ.

સ્વ ને ઓળખો ને પર ને પારખો, તેનું નામ જ સ્વધર્મ રક્ષણ.
સ્વ ને ઓળખ્યાં વગર પર ને પારખવાં જશો,તો તે છે ધર્મ નું ભક્ષણ.
જેવાં છે તેવાં દેખાવવાં નું છે સાચાં માણસ નું લક્ષણ.
દિલ માં જુદું હોવું અને દિમાગ માં જુદું રમે,અને એ માણસ પોતાની જાત ને માને છે વિચિક્ષણ.
જો પ્રભું એ જરુરિયાત અને શોખ કરતાં વધું આપ્યું હોય તો જરુરિયાતમંદ ની જરુરિયાત પુરી કરો તે જ છે મા-બાપ નું સાચું શિક્ષણ.
સમય ને વેડફ્યાં વગર ક્ષણે-ક્ષણ નો જે ઉપયોગ કરે,તે માણસ હોય છે વિલક્ષણ.
જો માનવ જાત નાં હોય ઉત્તમ લક્ષણ,તે જ છે સ્વધર્મ રક્ષણ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG:SS:NO. : 142
વિષય : સ્વધર્મ રક્ષણ
શીર્ષક ; અજાણ
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૨૮૯
લેખક/કવિ : શૈલેષ ભોઈ ★શાલુ★

દેખા-દેખી અને સારું બતાવવાની લ્હાય, મોજશોખ તેમજ રૂપિયો કમાવવાની લાલસામાં માનવી પોતે કોણ છે એજ ભૂલી ગયો છે. પોતાની ફરજ અને જવાબદારીથી દૂર ભાગી રહેલો માનવી આજે માત્ર ખોટા હકનો દાવો કરતો જોવા મળે છે. પોતાના કર્મથી અજાણ માનવી આ દુનિયાની આંધળી ભાગદોડમાં પોતે પણ આંધળો થઈ ગયો છે.

બાળક રડતું હોય તો એના હાથમાં ફોન પકડાવી દેવામાં આવે છે. નિશાળમાં ગયેલું બાળક ભણવામાં નઈ ને રખડવામાં રસ ધરાવે છે. રૂપિયાની પાછળ ગાંડો માનવી પોતાના બાળકો શું કરે છે એની ખબર પણ રાખતો નથી કે માબાપની સારસંભાળ પણ રાખતો નથી. એથીજ લોકો વૃદ્ધાશ્રમનો સહારો લેવો યોગ્ય સમજે છે.
નાના બાળકોથી લઈને યુવાનો વડીલો તમામ પોતાના ધર્મના રસ્તેથી ઉતરીને એક એવી વાટે ચડી ગયા છે કે જેની કોઈ મંજિલ નથી કે એનો અંત પણ નથી ને વ્યક્તિ સતત ઊંડી ખાઈમાં ધકેલાતો જાય છે. એકબીજા વચ્ચે થતાં અણબનાવ, લાગણીની ઓછપ, મતમતાંતર વિગેરે કારણોસર સંબંધમાં આવેલ ખોટ, સંબંધનો અંત આણે છે છતાંય પોતાનો અહમ, ગુસ્સો, પોતાપણાનો અભાવ અને વફાદારીની ખોટ આ પોતાનો સ્વધર્મ નિભાવવામાં આડો આવે છે.

જો નદી પોતાનું વહેણ બદલે તો વિનાશ સર્જે છે એમજ આજનો માનવી પોતાનો ધર્મ વીસરી રહ્યો છે જે તેની જિંદગીના વિનાશનું કારણ બને છે. "જેવા સાથે તેવા"ના નિયમને અનુસરતો માનવી પોતાના ધર્મ સામે પરદો પાડી રહ્યો છે જે કાલે એનીજ નજર સામે દર્પણ બનીને આવશે. ઈર્ષાથી ભરેલ માનવી કોઈનો હાથ પકડીને સાથ આપવાની જગ્યાએ પગ ખેંચવાનો પ્રયત્ન કરી રહ્યો છે જેમાં પોતે પણ પાછળ રહી જાય છે. ધર્મ નિભાવવો એજ વ્યક્તિનું મૂળ કર્મ છે.પરંતુ આજનો વ્યક્તિ પોતાનો ધર્મ ભૂલીને અન્ય કર્મોમાં પરોવાયેલો રહે છે.

ખળખળ વહેતા ઝરણાની માફક સતત સાચી દિશામાં વહેતા રહેવું એજ માનવીનું શ્રેષ્ઠ કર્મ છે. પણ વાસ્તવમાં એને પોતાના ધર્મનું જ્ઞાન જ નથી તો કેવી રીતે ધર્મ નિભાવે!? એટલે વ્યક્તિને પ્રથમ તો પોતાના ધર્મને જાણવાની જરૂર છે.

શૈલેષ ભોઈ ★શાલુ★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No: 120
પ્રકાર: પદ્ય
વિષય : ધર્મનું સ્વ રક્ષણ
શીર્ષક : કરશે
નામ : ડૉ રમીલાબેન ડી મકવાણા (રમા)
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

"કરીશ"

હું મારા ધર્મનું રક્ષણ કરીશ,
મારા ધર્મનું ગૌરવ વધારીશ,
બધા ધર્મોમાં માંરો ધર્મ શ્રેષ્ઠ,
હું મારા ધર્મને આધીન રહીશ.

ધર્મસત્તાનાં શાસનમાં ફેરફાર કરાવીશ,
ધર્મના નામે ધૂતી ખાતાને પડકારીશ,
મારા ધર્મને નીચા જોવું નહીં થવા દવું,
સમાનતા કેળવાય તેવા ધર્મનું નિર્માણ કરીશ.

મારા ધર્મની નિંદા નવ કરીશ,
ધર્મનો મર્મ બીજાને સમજાવીશ,
રૂઢિચુસ્તતામાં આવશે પરિવર્તન,
ધર્મ વિરોધ બોલશે તેને ટોકીશ.

મારા ધર્મમાં ગુરુ પરંપરા જાળવીશ,
મારા ગુરુનાં વચનોનું પાલન કરીશ,
ધર્મકાર્યમાં પાછી પાની કદાપી નહીં કરું.
ગુરુબોધ બીજાને આપી ધર્મને જાળવીશ.

મારા ધર્મનું પાલન કરીશ,
તમામ તહેવારો ઉજવીશ,
બીજા ધર્મોની ઈર્ષ્યા નહીં કરું,
ધર્મના બંધનમાં બંધાઈ રહીશ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 109
શિર્ષક :-સ્વધર્મ
પ્રકાર :-પધ

બાબુ સંગાડા "મહેક"

લૂંટાય બધે
આંખો બંધ કરી
બેઠા
મરજીવા
જાતને ધરી
વળ ચડાવે
ગોખ બેઠા
હણહણે યુધ્ધમેદાને
થનગનતા અશ્વ જેવા
પ્રહાર કોનો પહેલા વિમાસણે
લગામ ઝાંલી ઉભા
તું તું બધે ફરે મસ્તકોની ઉપર
મર્દાંગી વહેચાય
નજરોની સાંઠમારી વચ્ચે
સ્વરક્ષણે ઝઝૂંમે
અબળા પાંચાલી
ને બધે દુશાસનો ખડખડાટ હસે
ભયાનક હાસ્યે
મૂછ બધે ઝૂકી
ખંજને લીંસોટો થઈ
કોઈ સો વર્ષની ડોશી જેવી !!!

# એમસીએક્સ પર ચાંદીના વાયદાના ભાવમાં રૂ.૪૩૮ની નરમાઈ: સોનું રૂ.૧૦ ઢીલુ: ક્રૂડ તેલ રૂ.૬૫ લપસ્યું

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૬,૬૭૧ સોદાઓમાં કુલ રૂ.૨૩,૩૩૫.૬૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૫,૦૩૯.૬૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૮૨૮૮.૩૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪૬,૭૫૧ સોદાઓમાં રૂ.૨,૯૬૯.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૦૪૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૧૧૪ અને નીચામાં રૂ.૫૮,૯૭૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦ ઘટી રૂ.૫૯,૦૭૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૭ ઘટી રૂ.૪૭,૮૭૩ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ ઘટી રૂ.૫,૮૮૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭ ઘટી રૂ.૫૯,૦૮૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૨,૨૬૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૩૭૯ અને નીચામાં રૂ.૭૧,૯૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૩૮ ઘટી રૂ.૭૨,૦૩૪ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૧૨ ઘટી રૂ.૭૨,૧૫૮ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૧૦ ઘટી રૂ.૭૨,૧૫૩ બોલાઈ રહ્યો હતો.

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૮૧૬ સોદાઓમાં રૂ.,૯૭૮.૩૨ કરોડના વેપાર થયા હતા. તાંબુ સપ્ટેમ્બર વાયદો રૂ.૭૩૨ના ભાવે ખૂલી, રૂ.૬.૯૫ ઘટી રૂ.૭૨૬.૬૦ જ્યારે એલ્યુમિનિયમ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ ઘટી રૂ.૨૦૦.૫૫ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ વધી રૂ.૧૮૮ના ભાવ થયા હતા. જસત સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૫ ઘટી રૂ.૨૨૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૬૦ ઘટી રૂ.૨૦૦.૯૦ સીસુ-મિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ વધી રૂ.૧૮૭.૫૫ જસત-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૦.૮૦ ઘટી રૂ.૨૧૯.૭૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૬,૩૪૭ સોદાઓમાં રૂ.૧,૦૬૫.૫૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૭,૨૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૨૬૭ અને નીચામાં રૂ.૭,૨૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૫ ઘટી રૂ.૭,૨૪૦ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૬૦ ઘટી રૂ.૭,૨૩૫ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૧ના ભાવે ખૂલી, રૂ..૨૦ વધી રૂ.૨૧૧.૬૦ અને નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો ૦.૨ વધી ૨૧૨.૧ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૨૬.૬૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૦,૬૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૭૬૦ અને નીચામાં રૂ.૬૦,૫૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૪૦ ઘટી રૂ.૬૦,૬૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૪૦ ઘટી રૂ.૯૬૬ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૦૮૦.૦૮ કરોડનાં ૧,૮૨૮.૦૦૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૮૯.૦૪ કરોડનાં ૨૬૧.૦૭૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૫૯૯.૭૦ કરોડનાં ૮૨૮,૦૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૪૬૫.૮૮ કરોડનાં ૨૧,૮૨૪,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૯૬.૮૭ કરોડનાં ૪,૮૧૮ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૨.૩૯ કરોડનાં ૧,૭૨૬ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬૩૯.૭૮ કરોડનાં ૮,૭૬૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૦૯.૨૮ કરોડનાં ૯,૫૧૭ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨.૬૨ કરોડનાં ૪૩૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨૪ કરોડનાં ૨૪૭.૩૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૬૭૩.૮૯૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૯૭.૩૩૦ ટન, તાંબાના વાયદાઓમાં ૧૬,૭૪૫.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૩,૯૯૭ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૪,૬૮૨ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૮,૬૩૦ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૧૦૩,૬૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૮૪,૧૫૩,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૪,૫૧૨ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૬૩૬.૧૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૭.૬૫ કરોડનાં ૯૭ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૪૬૫ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૫,૮૦૩ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૮૦૩ અને નીચામાં ૧૫,૭૫૨ બોલાઈ, ૫૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૪ પોઈન્ટ ઘટી ૧૫,૭૭૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૮૨૮૮.૩૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૯૧.૮૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૦૦.૭૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૪૯૨.૫૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૯૩.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૧૪.૮૪ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૩૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૫.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૩૬.૮૦ અને નીચામાં રૂ.૧૧૭.૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૬.૩૦ ઘટી રૂ.૧૨૬.૭૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૩૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૯૦ અને નીચામાં રૂ.૧૧.૨૦ રહી, અંતે રૂ.૦.૪૦ વધી રૂ.૧૨.૫૫ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬૫.૫૦ અને નીચામાં રૂ.૧૪૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨ વધી રૂ.૧૬૦ થયો હતો, જ્યારે સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮ ખૂલી, ઊપરમાં રૂ.૫૪ અને નીચામાં રૂ.૩૬.૫૦ રહી, અંતે રૂ.૪ વધી રૂ.૪૪ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૮૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૨૫ના ભાવે ખૂલી, રૂ.૪૮ ઘટી રૂ.૪૯૨ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શનકોન્ટ્રેક્ટ રૂ.૧,૯૪૭.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૨૬ ઘટી રૂ.૧,૯૩૨.૫૦ થયો હતો. તાંબુ સપ્ટેમ્બર રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૯૪ ઘટી રૂ.૩.૨૦ જસત સપ્ટેમ્બર રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ ઘટી રૂ.૩.૨૮ થયો હતો.

# ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનની ૨૪૮મી બેઠક

અહેવાલ: પ્રવિણા કડકિઆ.
તસ્વીર સૌજન્ય: પ્રફુલ ગાંધી અને પ્રકાશ મજમુદાર.
સંપાદન: દેવિકા ધ્રુવ

ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનની બેઠક, સપ્ટેમ્બર ૩, ૨૦૨૩ ને રવિવારના રોજ ‘એલ્ડ્રીજ’ના સભાગૃહમાં યોજવામાં આવી હતી. આ ૨૪૮મી બેઠક, સંસ્થાના એક સદ્ગત લેખક શ્રી નવીન બેંકરની જીવન-ઝરમર તાજી કરવા માટે યોજવામાં આવી હતી. સૌથી પ્રથમ, બરાબર સવારના અગિયારને પંદર મિનિટે પ્રમુખ ભારતી મજમુદારે સૌનું સ્વાગત કર્યું, જરૂરી સૂચનાઓ અને માહિતી આપીને રક્ષાબહેન પટેલને પ્રાર્થના માટે આમંત્રણ આપ્યું. રક્ષાબહેને મા શારદાની સુંદર પ્રાર્થના '' હે શારદે મા, હે શારદે મા, અજ્ઞાનતા સે હમે તાર દે મા''ખૂબ ભાવવાહી રીતે ગાઈ સંભળાવી.

ત્યારપછી સભાનો દોર પ્રમુખના કહેવાથી શ્રીમતી દેવિકા ધ્રુવે સંભાળ્યો. શરૂઆતમાં તેમણે જણાવ્યું કે, સંસ્થાની સ્થાપના સપ્ટેમ્બર મહિનામાં ૨૨ વર્ષ પૂર્વે થઈ હતી. ત્યારપછી કાર્યક્રમની રૂપરેખા આપીને એક પછી એક વક્તાઓને આમંત્રણ આપ્યું. તે પહેલાં તેમના મોટાભાઈની યાદમાં થોડાં શાબ્દિક પુષ્પો વેર્યાં.

સૌથી પ્રથમ વક્તા હતાં શ્રીમતી પ્રવિણા કડકિઆ. તેમણે શરુઆતમાં કહ્યું, '' ન તેમનામાં કંઈ નવીન હતું કે ન તે બેંકર હતા''. તે એક સારા લેખક હતા. તેમની સાથે અવારનવાર મુલાકાત, મંદિરના બાંકડે કે સાહિત્ય સરિતાની મિટિંગમાં થતી. સદા મુખ પર રમતું સ્મિત અને પત્ની પ્રત્યેનો પ્યાર એ નવીનભાઈના વ્યક્તિત્ત્વનું જમા પાસું હતું. હ્યુસ્ટનમાં થતા દરેક ગુજરાતી પ્રોગ્રામનો સચોટ હકીકતસભર અહેવાલ લખતા એ તેમની આગવી પહેચાન હતી.

તે પછી પ્રવીણાબહેને કાનાના આગમનને યાદ કરી ‘‘નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલકી’’કહી પોતાનું વક્તવ્ય પૂરું કર્યું. ઉપપ્રમુખ



ડો. મીના પારેખે, નવીનભાઈ સાથેની મીઠી યાદો કે જે ભારતથી શૈલાબહેન મુન્શાએ મોકલી આપી હતી તે વાંચી સંભળાવી. નવીનભાઈની વિવિધ ઓળખાણ ‘‘છાપાવાળા કાકા’, ‘રોટલીવાળા કાકા’, ફોટાવાળા કાકા’ વગેરે રમૂજી રીતે વાંચી. ફિલ્મી કલાકારો સાથે હ્યુસ્ટનમાં ગાળેલી ક્ષણોની તસ્વીરોના આલ્બમની તથા ‘‘અનુભૂતિ એક અહેસાસ’’ એ તેમનો બ્લોગ છે એની પણ માહિતી આપી.

તે પછીના વક્તા હતા પ્રકાશ મજુમદાર. તેમણે જણાવ્યું કે જ્યાં જ્યાં સંગીતનો જલસો હોય કે ભજન ગવાતા હોય ત્યાં ત્યાં નવીનભાઈ ‘ખંજરી’ લઈને મસ્તીથી બેસી જતા. તેમની યાદમાં કવિ શ્રી રાવજી પટેલનું ગીત ‘‘મારી આંખે કંકુના સૂરજ આથમ્યા’’ ભાવવાહી રીતે ગાઈ સંભળાવ્યું.

દરેક વક્તાને આમંત્રણ આપતાં સૂત્રધાર દેવિકાબહેન, ઉચિત સમયે પ્રસંગને અનુરૂપ પંક્તિઓ રજૂ કરતાં જતાં હતાં. ત્યારપછી નવીનભાઈના બહેન અને આ બેઠકના ‘સ્પૉન્સર’ડો. કોકીલા પરીખનો વારો હતો. તેમણે ભાઈ સાથેના અનેક સંસ્મરણો યાદ કર્યા. નવીનભાઈએ મૃત્યુને પ્રેમથી આવકાર્યું, તેઓ પોતે કેવા હસતા રહ્યા અને હસાવતા રહ્યા તેની વાતો કરી. જનાર્દનભાઈએ કૃષ્ણ પધારવાનો હતો, તેનું સ્મરણ કરાવ્યું. અંતરથી કહ્યું '' કાના હવે તો પાછો ફર''. નંદનું ગોકુળિયું ગામ, રણ છોડી ભાગ્યો બન્યો રણછોડ. ગોકુળ છોડી ભાગ્યો વસાવ્યું દ્વારકા ધામ'', હવે તો પાછો ફર'' સ્વરચિત કૃતિ રજૂ કરી.

ફતેહ અલીભાઈ ચતુરે નવીનભાઈની ડાયરી લખવાની રીત સંભારી. જેને પણ ત્યાં જવાનું હોય તેનું સરનામું અને જવાનું માર્ગદર્શન સઘળું ડાયરીમાં કેવી રીતે લખતા વગેરે રમૂજી રીતે જણાવ્યું. તે ઉપરાંત, નવીનભાઈની કલમમાં વિચાર અને વિવેચન સચોટપણે આપતા તેની ઉદાહરણ સહિત રજૂઆત કરી.

એક પછી એક વક્તાઓને આમંત્રણ મળતા જતા હતા અને સૌ મનભરીને, મઝાના માણસ અને અચ્છા અહેવાલ લેખક સ્વ. નવીનભાઈ વિશે જુદીજુદી વાતો કરતા જતા હતા. સભાજનો પણ ઓતપ્રોત હતા.

મનસુખ વાઘેલાને નવીનભાઈ સાથે ખૂબ સુંદર સંબંધ હતો. જ્યારે કુટુંબમાં મૃત્યુને કારણે ભારત જવું પડ્યું ત્યારે તેમના પત્ની અને દીકરીની સંભાળ, નવીનભાઈ અને તેમના પત્નીએ કેવી સરસ રાખી હતી તેની વાત કરી, સ્વાર્થ વિનાના તેમના સંબંધની યાદ તાજી કરી. જૂનાં સંસ્મરણોનો માળો સજાવ્યો.

દેવિકાબહેન પણ સંચાલન કરતાં કરતાં પોતાના ભાઈને પ્રેમથી, કાવ્યાત્મક રીતે યાદ કરતાં જતાં હતાં. તેમણે જણાવ્યું કે નવીનભાઈએ ૧૮ પોકેટ બુક લખી હતી. ડઝનેક નાટકોમાં કામ કર્યું હતું. પાંચ વાર્તાસંગ્રહ લખ્યા હતા અને લગભગ ૨૫૦ થી ૩૦૦ જેટલા હ્યુસ્ટનના કાર્યક્રમોના અહેવાલો લખ્યા હતા.

ત્યારપછી, જેમને સૂર અને સંગીત સાથે ઘેરો નાતો છે એવાં વક્તા હતાં શ્રીમતી ભાવના દેસાઈ. તેમણે ‘નવીનભાઈ આપણા હૃદયમાં વસ્યા છે’ એમ જણાવી તેમની ખાસિયતોની, સિનેમાની ચાહની અને ફોટા પાડવાના શોખ વગેરેની વાતો ખૂબ પ્રેમથી રજૂ કરી..

શ્રી મુકુંદ ગાંધીએ સ્વ.નવીનભાઈ સાથેનાં સંસ્મરણોને યાદ કર્યા. કેવી રીતે તેઓ પોતાના જાતજાતનાં તખલ્લુસ આપતા; જેવાં કે સંજીવકુમાર સેટેલાઈટવાળા, નિત્યાનંદ ભારતી,વગેરે તથા મૂર્તિપૂજામાં માનતા ન હોવાને કારણે ગરુડપુરાણ કે મુહર્ત કે કમૂર્તામાં માનતા નહી, ભેટ આપવાની પ્રથાનો વિરોધ કરતા વગેરેની વાતો દ્વારા તેમની રમૂજી છતાં તેજાબી કલમની પ્રશંસા કરી. સંબંધમાં ક્યારેય અપેક્ષા ન રાખવી એ સત્ય તેમણે સ્વીકાર્યું હતું તે પણ કહ્યું.

ભારતી મજમુદારે સ્વ. નવીનભાઈના મોઢેથી સાંભળેલી ગરોળીની વાર્તા દ્વારા રમૂજ ફેલાવી વાતાવરણને હળવું રાખવામાં યોગદાન આપ્યું. તેમનો પત્નીપ્રેમ પાછો યાદ કરાવ્યો. કદી મુખ પર કંટાળો જણાતો નહી એમ કહી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી.

ગુજરાતી સમાજના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી પ્રકાશ દેસાઈએ તેમની

# કોંગ્રેસે લઘુમતી તુષ્ટિકરણની રાજનીતિ કરી, મોદી સરકારમાં દેશના સંસાધનો પર આદિવાસીઓ અને દલિતોનો પ્રથમ અધિકાર : અમિત શાહ

મંગળવારે મધ્યપ્રદેશના મંડલામાં ભાજપની 'જન આશીર્વાદ યાત્રા'નું ઉદ્ઘાટન કરતાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે સ્પષ્ટ કર્યું હતું કે, કોંગ્રેસ હંમેશા લઘુમતી તુષ્ટિકરણની રાજનીતિમાં સંડોવાયેલી છે, જેણે સામાજિક ન્યાયનો વિનાશ કર્યો છે. કોંગ્રેસ સરકારના તત્કાલિન વડાપ્રધાન મનમોહન સિંહે તેમના કાર્યકાળ દરમિયાન કહ્યું હતું કે, દેશના સંસાધનો પર લઘુમતીઓનો પ્રથમ અધિકાર છે. સાલ ૨૦૧૪માં જ્યારે મોદીજી વડાપ્રધાન બન્યા ત્યારે તેમણે વિચારધારા બદલી અને દેશના સંસાધનો પર દલિતો, આદિવાસીઓ, ગરીબો અને વંચિતોના અધિકારની વાત કરી.છેલ્લા ૯ વર્ષમાં સાબિત થઈ ગયું છે કે, મોદી સરકાર આદિવાસીઓ, પછાત, દલિતો અને ગરીબોની સરકાર છે. ભગવાન બિરસા મુંડાની જન્મજયંતીને ગૌરવ દિવસ તરીકે જાહેર કરવાની હોય કે ગરીબ આદિવાસી પુત્રી દ્રૌપદી મુર્મુને રાષ્ટ્રપતિ બનાવવાની વાત હોય, મોદીજીની દૂરંદેશી અને અમિત શાહના કાર્યક્ષમ સંચાલન




હેઠળની ભાજપ સરકારે આદિવાસી સમાજને હંમેશા સન્માન અને કલ્યાણ આપ્યું છે.મધ્યપ્રદેશના લોકો જાણે છે કે કોંગ્રેસના શાસનમાં રાજ્યની હાલત બીમાર રાજ્ય જેવી થઈ ગઈ હતી. ભ્રષ્ટાચાર, કૌભાંડો, લૂંટફાટ, વીજળી વિના ગરીબોના ઘર, સિંચાઈ વિનાની ખેતી એ મધ્યપ્રદેશની ઓળખ બની ગઈ હતી. મધ્યપ્રદેશની જનતાએ એ પણ જોયું છે કે સત્તામાં આવ્યા બાદ થોડા દિવસો માટે કોંગ્રેસે ભાજપ સરકારની ૫૧ યોજનાઓ બંધ કરી દીધી હતી. પરંતુ જ્યારથી ભાજપની સરકાર બની છે ત્યારથી રાજ્ય વિકાસના રથ પર સવારી કરતું અનોખું રાજ્ય બન્યું છે.છેલ્લા ૯ વર્ષથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ડબલ એન્જિનવાળી ભાજપ સરકાર મધ્યપ્રદેશને દેશનું નંબર વન રાજ્ય બનાવવા તરફ આગળ વધી રહી છે. મધ્યપ્રદેશ એ પહેલું રાજ્ય છે જ્યાં ઁઈજીછ કાયદાને જમીન પર લાવવાનું કામ મોદીજીના નેતૃત્વમાં અને અમિત શાહના અથાક પ્રયાસોથી થયું છે. કોંગ્રેસ પોતાના જમાનામાં આદિવાસી સમાજ માટે જળ, જંગલ અને જમીનના રક્ષણ માટે માત્ર સૂત્રોચ્ચાર કરતી રહી, પરંતુ કશું કર્યું નહીં. જ્યારે મોદીજીની દીર્ઘદ્રષ્ટિપૂર્ણ વિચારસરણી અને અમિત શાહના માર્ગદર્શન હેઠળ જળ, જંગલ અને જમીનના સંરક્ષણની સાથે સુરક્ષા,સન્માન અને સમાવેશી વિકાસ દ્વારા આદિવાસી કલ્યાણના કાર્યો થઈ રહ્યા છે.મધ્યપ્રદેશમાં રાજકીય ગરમાવો વધી ગયો છે. મધ્યપ્રદેશમાં થોડા મહિના પછી વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ભાજપના દિગ્ગજ નેતા અમિત શાહ દરેક વર્ગ સુધી પહોંચવા અને રાજકીય લડાઈમાં જીત સુનિશ્ચિત કરવા ચૂંટણી પહેલા મેદાનમાં ઉતર્યા છે. 'જન આશીર્વાદ યાત્રા' એ લોકો પાસેથી આશીર્વાદ મેળવવાની યાત્રા છે. આવી પાંચ યાત્રાઓ રાજ્યની ૨૧૦ વિધાનસભાની મુલાકાત લીધા બાદ ભોપાલ પહોંચશે. આ દરમિયાન ભાજપના થિંક ટેન્ક શાહે કોંગ્રેસ પર નિશાન સાધતા કમલનાથને 'કરપ્શન નાથ' જ્યારે દિગ્વિજય સિંહને 'મિસ્ટર બંટાધાર'ની ઉપાધિ આપી હતી.ભારતીય રાજનીતિના ચાણક્ય એવાલ અમિત શાહની નીતિઓ, કાર્યકરોનો ઉત્સાહ અને 'જન આશીર્વાદ યાત્રા' પરથી સ્પષ્ટ થાય છે કે ૨૦૨૩માં મધ્યપ્રદેશમાં ભાજપની જીત અને ૨૦૨૪માં લોકસભા ચૂંટણીમાં જંગી બહુમતી સાથે મોદીજીનું ત્રીજી વખત વડાપ્રધાન બનવાનું નિશ્ચિત છે.

# ચિંતા નહીં કરવું - સંત રાજીન્દર સિંહજી મહારાજ

આજના આ ઝડપી વિશ્વમાં ચિંતા અને અસ્વસ્થતા ઘણા લોકોને પીડિત કરે છે. વેપારી હોય કે નોકરીયાત, સ્કૂલ વિદ્યાર્થી હોય કે ૮૦ થી ૮૯ વર્ષનો માણસ, અમીર માણસ હોય કે ભિખારી હોય દરેક વ્યક્તિ એક યા બીજા કારણસર ચિંતા કરે છે. આપણા અંગત જીવનમાં ખરાબ પરિસ્થિતિ વિશે ચિંતિત થવું સ્વાભાવિક છે. પરંતુ ઘણીવાર તે અનિયંત્રિત રીતે વધે છે. ચિંતા ના ઉચ્ચ સ્તરો આપણી ભાવનાત્મક ઉર્જાનો નાશ કરે છે તથા આપણી અસ્વસ્થતા ના સ્તરને ઊંચે લઈ જાય છે અને આપણા રોજિંદા જીવનને અસર કરતી આપણી ઉત્પાદકતામાં અસર કરે છે. ચિંતા એ રોકિંગ ચેર જેવી છે જે આપણને હંમેશા હાલતા રાખે છે પરંતુ ક્યારેય ક્યાંય લઈ જતી નથી.

"શું થશે" એવું વિચારીને આપણે આપણા ભવિષ્ય વિશે ચિંતા કરીએ છીએ. તથા સૌથી ખરાબ પરિસ્થિતિ વિશે વિચારીએ છીએ આપણે આપણી ચિંતા નો નાશ કેવી રીતે કરી શકીએ? શું કોઈ ઉકેલ છે?

આ સંબંધમાં એક ઘડિયાળ ની વાર્તા છે. એક દિવસ એક ઘડિયાળ એવું વિચારવા રાખી કે તેને કેટલી વાર " ટીક- ટોક" કરવું પડશે. પછી તે વિચારવા લાગી કે તેને પ્રતિ મિનિટ ૬૦ વખત ટીક કરવું પડશે. પછી તેને ૬૦ વખત પ્રતિ મિનિટ ★ ૬૦ મિનિટ પ્રતિ કલાક ની બરાબર ૩૬૦૦ વખત ટીક કરવું પડશે પછી તેને ૩૬૦૦ વખત પર કલાકે દિવસના ૨૪ કલાક ની બરાબર એટલે કે ૮૬,૪૦૦ વખત ટીક કરવું પડશે. પછી તે ઘડિયાળ વિચારવા લાગી કે દર અઠવાડિયામાં, દર મહિને, અને દર વર્ષે કેટલી વાર ટીક કરવું પડશે? જાસ રીતે ગભરાટમાં ના આવે ત્યાં સુધી. આ બહુ જ બધું કામ છે. હું આટલા કામના ભારને કેવી રીતે સાચવી શકીશ? ઘડિયાળ ને આટલી બધી ચિંતા થઈ કે ચિંતાને



લીધે તેના ધબકારા ઘટવા લાગ્યા. થોડીવારમાં તેનો સમય બંધ થઈ ગયો. માલિક દ્વારા બહાર નીકળવાની ચિંતામાં તે મનોચિકિત્સક પાસે ગઈ.

ઘડિયાળ કહ્યું કે ડોક્ટર હું ખરેખર ચિંતિત છું. હું ચિંતિત છું કે મારી ટીકર સારી રીતે ટીક કરી શકતી નથી. ડોક્ટરે કહ્યું કે "તમે શેની લીધે ચિંતિત છો"ઘડિયાળે કહ્યું કે મને ચિંતા છે કે મારે દર અઠવાડિયે, દર મહિને, દર વર્ષે કેટલી વાર ટીક કરવી પડશે. ડોક્ટરે કહ્યું કે તમે તમારી ચિંતા ને લીધે બધા ધબકારા ચૂકી જાય છે. મારી પાસે એક સમાધાન છે. ઘડિયાળ કહ્યું કે "તે શું છે?".

ડોક્ટરે પૂછ્યું કે" એક જ સમયમાં તમારે કેટલી વાર ટીક કરવી પડશે?" ઘડિયાળે કહ્યું કે "ફક્ત એક વખત".

તો પછી હું ભલામણ કરું છું કે તમે તમારી બધી શક્તિનો ઉપયોગ કરીને જો તમે જે તે સમયની તે જ સમયે એક જ ચિંતા કરશો તો તમે ખુશીથી રહી શકશે. અને તમે ઠીક થઈ જશે. ઘડિયાળ એ મનોજ ચિકિત્સક ની સલાહ લીધી અને તે સમયથી એક સમયે એક જ ટીકની ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું અને એક પણ ધબકારો ચૂક્યા વગર ખુશીથી રહેવા લાગી.

આ વાર્તા નો પાઠ એ છે કે જીવનમાં એક સમયે એક જ ટીક લેવી જોઈએ. વર્તમાન સમયમાં જીવો અને આવનારી સેકન્ડ અને મિનિટ ચિંતા કરશો નહીં. જો તમે તમારી જાતને કોઈ એક ચોક્કસ તો તમારું ધ્યાન વર્તમાન પર પાછા લાવો. ભૂતકાળ ગયો અને ભવિષ્ય હજુ આવવાનું છે. આવતીકાલની ચિંતા દુઃખ ને ક્યારે છીનવી શકતા નથી. પરંતુ તે આજના સમયના આનંદને છીનવે છે. તે માત્ર સંયોગ ન હોઈ શકે કે" િજીહ"શબ્દ પણ ભેટ માટે વપરાય છે. વર્તમાન ક્ષણ એ પણ ભગવાનની ભેટ છે. ચાલો આપણે આ અનમોલ ભેટ ભૂતકાળની કે આવતીકાલની ચિંતા માં વ્યર્થ ન કરીએ. આપણી પાસે જે છે તેના માટે આપણી પરમાત્માનો આભાર વ્યક્ત કરીએ અને એક સમયમાં એક જ ટીક દ્વારા જીવતા શીખીએ અને પરમાત્માની દેન નો આનંદ મનાવીએ.

વિશ્વવિખ્યાત આધ્યાત્મિક ગુરુ પરમ પૂજનીય સંત રાજીન્દર સિંહજી મહારાજ અમદાવાદ ૧૦ અને ૧૧ ઓક્ટોબર આવાંના છે. આધ્યાત્મિક સત્સંગ સાંજે ૬ કલાકે થશે. સ્થળ : રિવરફ્રન્ટ સેન્ટર, પાલડી, અમદાવાદ.

# મહારાજ સાહેબની વાતને સમાજના ચારે ખૂણામાથી. ભરપૂર ટેકો મળવો જોઈએ



જેનાચાર્ય શ્રીમદ વિજયરત્ન સુંદરસુરીશ્વરજી મહારાજએ એક ખુબ જ મહત્વનો મુદ્દો ઉપાડ્યો છે એમને પત્રાકાર પરિષદમા જણાવ્યું હતું કે ભારત દેશ આઝાદ થયો ત્યારથી લઈ અત્યાર સુધી સમાજ અને લોકોને અસર કરતી બાબતો પર જેટલી પણ પિટિશનો થઈ છે તેમાની ચાર પિટિશનો તેમના દ્વારા સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી છે છેલ્લા થોડા સમયથી ફિલ્મી દુનિયામાં વેબસિરીઝએ લોકોને આકર્ષિત કર્યા છે ઓટીટી પ્લેટફોર્મ અને વેબસિરીઝમા જે રીતે દ્રશ્યો દર્શાવવામાં આવે છે અને જે શબ્દોનો ડાયલોગ તરીકે ઉપયોગ કરવામા આવે છે તેં ભારત દેશના યુવાધન અને કુમળી વયના બાળકો માટે મોટુ જોખમ અને તેમના ભાવિ સામે ખતરો છે કારણ કે તેમાં જે રીતે શબ્દો અને બોલ્ડ સીનો બતાવવામાં આવે છે તેં બાળકોના માનસપટ પર બહુ ઊંડી અને ગંભીર અસરો છોડી જાય છે ઓટીટી પ્લેટફોર્મ પર આવતી વેબસીરીઝો સામે પિટિશન કરવાની વાત કહી છે

વધુમાં તેમણે જણાવ્યું છે કે વેબસિરીઝ પરિવાર સાથે બેસીને જોઈ ના શકાય એવી એમાં ગંદકી હોય છે રૂટિન ફિલ્મો સેન્સર બોર્ડ પાસે પાસ કરાવવી પડતી હોય તો ઓ.ટી ટી.પર કેમ નહી

દૂધ આપણને શું આપે છે?આપને દૂધને જે આપીશું તે મુજબ આપશે જેમ દૂધને આપને ગળપણ આપીશું તો આપણને મીઠુ દૂધ મળશે દૂધને જો મેળવણ આપીશું તો દહીં મળશે જો ખટાશ આપીશું તો ફાટેલું દૂધ મળશે તેવી રીતે યુવાપેઢીને આપણે જે આપીશું તે મેળવી શકીશું.વર્તમાન પેઢી પાસે સારી અપેક્ષા રાખવી હોય તો તેને સારુ પીરસવું પડશે યુવાનોને જે પીરસાય છે તેવું તેનામાં ઊગે છે પવિત્ર આત્માઓ પણ આવી વેબસિરીઝ જોઈને દુષિત થઈ શકે છે રૂપિયા કમાવવા માટે જે લોકો આવી ફિલ્મો બનાવે છે તેં લોકો પણ પોતાના સઁતાનોને આવી ફિલ્મો બતાવવામાં માંગતા નથી ફિલ્મસ્ટાર અભિષેકએ કોઈ એક જગ્યા પર કહ્યું છે હું મારી દીકરી આરાધ્યા સાથે બેસીને વેબસિરીઝ જોઈ શકતો નથી એક અભિનેતા જો આવી વાત કહેતા હોય તો બીજા સામાન્ય લોકોનું શું થશે?તમે તમારા સંતાનોને જે બતાવવા માંગતા નથી એ દ્રશ્યો કરોડો ઘરમાં જોવાઈ આવી વેબસીરીઝોનો પ્રતિકાર કરવાની માંગ કોઈ કેમ કરતું નથી ?

બધા જ સમાજને આ નડી રહ્યું છે પિટિશન કરવા માટે લોકોનો સહકાર પણ સારો મળ્યો છે એટલા માટે સંત તરીકે હમારી ફરજ બને છે અમારી તમામ જવાબદારી સમાજ લેતો હોય તો સમાજની મુશ્કેલી દુર કેમ ના કરીએ આપણા. દેશમાં પારિવારિક વ્યવસ્થા છે તો પરિવાર સાથે ફિલ્મ કે સિરીઝ જોઈ શકાય તેવું કલ્ચર ખતમ થઈ રહ્યું છે આપણે ત્યાં ઉંબરો હતો મર્યાદા હતી દરેક દેશ પાસે સંસ્કૃતિ છે દરેક પરિવાર પાસે સંસ્કાર છે પોતાના સંતાનો મર્યાદા પાર કરે તેં કોઈ પણ સમાજને માન્ય હોતું નથી.

મહારાજ સાહેબ શ્રીની વાતને ચારેબાજુથી. ટેકો મળવો જોઈએ વિવિધ સ્તર પરથી અલગ અલગ મોરચાઓએ આની આગેવાની લેવી જોઈએ વિવિધ જગ્યા પરથી વિવિધ સમાજોમાથી વિરોધનો શોર ઉઠવો જોઈએ

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**



ખાડિયા દેસાઈ ની પોળ ખાતે અખાભગત ચેરીટેબલ ટ્રસ્ટ ના મૈત્રી પાસાવાલા દ્વારા જન્માષ્ટમી મહોત્સવ નુ આયોજન કરાવામા આવ્યુ હતુ પોળના રહીશો મોટી સંખ્યા હાજર રહયા હતા

# શ્રી વાળંદ મિત્ર મંડળ ભાવનગર દ્વારા ઈનોવેટિવ શિક્ષક દંપતિ રમેશભાઈ બારડ અને શીતલબેન ભટ્ટી નું સન્માન કરવામાં આવ્યું...

શૈક્ષણિક વિકાસ, સાંસ્કૃતિક ચેતના અને સામાજિક જાગૃતતા લાવવાના શુભ સંકલ્પ સાથે શ્રી વાણંદ મિત્ર મંડળ ભાવનગર દ્વારા ૩૩ મો પુરસ્કાર વિતરણ અને સન્માન સમારંભ તાજેતરમાં યોજાઈ ગયો. તેમાં જ્ઞાતિના તેજસ્વી તારલાને ઇનામ વિતરણ કરવામાં આવ્યું. તેમજ ગિજુભાઈ બધેકા અને મોન્ટેસરીના શિક્ષણના સિદ્ધાંતો સાથે રમકડાંદ્વારા શિક્ષણ આપતા ભાવનગર જિલ્લાના ઈનોવેટીવ શિક્ષક દંપતી રમેશભાઈ બારડ અને શીતલબેન ભટ્ટીનું જ્ઞાતિપંચોની હાજરીમાં સન્માન કરવામાં આવ્યું હતું. આ ઈનોવેટીવ દંપતિને શિક્ષણ




વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફથી પ્રતિભાશાળી શિક્ષક સન્માન પ્રાપ્ત થયેલ છે. તેમજ રમેશભાઈ બારડ અને શીતલબેન ભટ્ટી ને હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ સેન્ટર ગાંધીનગર તરફથી રાજ્યકક્ષાનો અતુલ્ય વારસો એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. આવી અનોખી પહેલ માટે ભાવનગર વાળંદ મિત્ર મંડળ ભાવનગર દ્વારા ૩૩ મો પુરસ્કાર અને સન્માન સમારંભ માં દંપતીનું સન્માન કરવામાં આવ્યું હતું..




માતર તાલુકા પંચાયત ના કોંગ્રેસ ના સભ્યો આજે પ્રદેશ કાર્યાલય ખાતે ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના નેતૃત્વમાં તેમજ પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગોરધનભાઈ ઝડફિયાજીની ઉપસ્થિતિમાં ભાજપામાં જોડાયા.યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની કલ્યાણકારી યોજનાઓથી પ્રેરાઈ ને તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના કર્યોથી પ્રભાવિત થઈને અને પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજીની સંગઠનાત્મક કાર્યપદ્ધતિ માં કામ કરવા તેમજ માતર તાલુકા ના વિકાસ ને કેન્દ્ર માં રાખી નીચે મુજબ માં સભ્યો શ્રી ભગવતસિંહ પરમાર ( માતર -૧ ), શ્રી અમિત પરમાર ( માતર -૨ ),શ્રી ભરતભાઈ પરમાર ( માલાવડા ), શ્રી વિલાસબેન ચૌહાણ ( આશામલી ) ભાજપા માં જોડાયા. જેમાં જિલ્લા પ્રમુખશ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ,અમૂલ ડેરીના ચેરમેનશ્રી વિપુલભાઈ પટેલ, ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ પરમાર,મહામંત્રીશ્રી અપૂર્વભાઈ પટેલ,શ્રી ચંદ્રેશભાઈ પટેલ હાજર રહ્યા હતા.




ઈનરવિલ કલબ ઓફ બોરીવલી દ્વારા પ્રોજેક્ટ દિશા હેઠળ વિક્રમગઢ ખાતે સ્કૂલની ૩૨૨ વિદ્યાર્થિનીઓને સ્કૂલ બેગ, બે લોંગ નોટ બુક, સ્ટેશનરી, પેન્સ, ડ્રોઈંગ બુક, કલર, છત્રી અપાઈ હતી. સેંચૂરિયન પ્રમુખ ભાવના કાપડિયા, સેક્રેટરી બીજલ દેસાઈ, ઉપપ્રમુખ તેજલ મહેતા, ખજાનચી જયશ્રી મસાલી, સેજલ શાહ વગેરેએ આ કાર્યમાં યોગદાન આપ્યું હતું.

# " પ્રમુખ એલિજિયમ માં નંદ ઘેર આનંદભયો"

જયારે જયારે આ જગતમાં અનિતિ અત્યાચાર માઝા મૂકે છે અને પાપનો ભાર વધી જાય ત્યારે ત્યારે ભૂમિનો ભાર હરવા અનંત કોટિ બ્રહ્માંડ ના નાયક નું વિપ્ર ધેનુ સુર સંત હિત ધરતી પર અવતરણ થાય છે પ્રમુખ એલિજિયમ સોસાયટી (ટીપી ૦૯ સરગાસણ) આ વર્ષો ભગવાન કૃષ્ણ જન્મોત્સવની ની ઉજવણી રહીશો દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધા અને ભકિત સાથે ઉજવણી કરવામાં આવી હતી.નાના નાના બાલ ગોપ ગોવાળિયા મટકીફોડ મહોત્સવ પ્રસંગે ×નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી× ના ગગનભેદી નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

# ડાંગ જિલ્લામાં વરસાદના પુનરાગમન બાદ મેઘ મહેર થવા પામી છે.



જિલ્લાના ડિઝાસ્ટર કંટ્રોલ કક્ષ તરફથી મળેલી વિગતો અનુસાર, તા.૭મી સપ્ટેમ્બરે સવારે ૬ વાગ્યે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન જિલ્લામાં સરેરાશ ૪૭.૬૭ મી.મી. વરસાદ નોંધાવા પામ્યો હતો. ત્યાર બાદ બીજા દસ કલાક એટલે કે સવારના છ થી આ લખાય છે ત્યાં સુધી, એટલે કે સાંજના ચાર વાગ્યા સુધી બીજો સરેરાશ ૪૫ મી.મી. વરસાદ નોંધાઇ ચુક્યા છે.વિગતે જોઈએ તો આ દસ કલાક દરમિયાન આહવા તાલુકામાં ૪૭ મી.મી. વરસાદ નોંધાયો છે. જેની સાથે આહવા તાલુકાનો મોસમનો કુલ વરસાદ ૧૫૮૩ મી.મી. થવા પામ્યો છે. તો વઘઈ તાલુકામાં ૫૧ મી.મી. સાથે કુલ ૧૫૮૩ મી.મી., અને સુબિર તાલુકામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ૩૭ મી.મી. વરસાદ સાથે મોસમનો કુલ વરસાદ ૧૪૧૩ મી.મી. નોંધાઇ ચુક્યો છે.

આમ, જિલ્લામાં દસ કલાકમાં વધુ સરેરાશ ૪૫ મી.મી. વરસાદ નોંધાતા અહીંના ખેડૂતો તથા પર્યટકોમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ છે.



## મનોદિવયાંગ વિદ્યાર્થીઓ ની જન્માષ્ટમી પર્વ ની ઉજવણી

મનોદિવયાંગ વિદ્યાર્થીઓ ની જન્માષ્ટમી પર્વ ની ઉજવણી...આજરોજ સંસ્થા નાં સમય દરમિયાન સંસ્થા માંજ,બપોરે ૧થી૩ માં શિવ શક્તિ મહિલા મંડળ ની બહેનો સહ સંસ્થા નાં મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ એ ભજન કિર્તન-શંકર-કાનુડો-રાધા જેવી વેશભૂષા કરી ને કૃષ્ણ જન્મોત્સવ ઉજવ્યો હતો.

પ્રસાદ વિદ્યાર્થીની ક્રિષ્ણા પરમાર તરફ થી,અને નાસ્તા નાં પેકેટ સંગીતા પંચાલ તરફથી આપવા માં આવ્યો હતો.

## ડાંગ જિલ્લા વઘઈ તાલુકા પોલીસે બાતનીના આધારે મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં લવાતા દારૂને ઝડપી પાડ્યો;

મળતી માહિતી મુજબ ગતરોજ ડાંગ જિલ્લાની વઘઈ પોલીસે નાની વઘઈ ખાતે રહેતો ભુપેન્દ્ર ઈન્દ્રાસન ગામીત નામનો ઈસમ ડાંગને અડીને આવેલા મહારાષ્ટ્ર રાજયમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ કિલાદ લઈ જનાર છે એવી બાતમી મળી હતી. મળેલી બાતમીને આધારે પોલીસની ટીમે બારખાંધ્યા ગામના રસ્તામાં જંગલ વિસ્તારમાં વોચ ગોઠવી હતી. તે દરમિયાન બારખાંધ્યા તરફથી એક કાળા કલરની યુનિકોન બાઈક આવી રહી હતી. જેના ચાલકે પોલીસને જોતા ત્યાંથી જ પાછી ગાડી વાળી લીધી હતી અને ભાગી છૂટ્યો હતો.

બાઈક સવાર ભાગી છુટતા પોલીસે તેનો પીછો કર્યો હતો. પોલીસે પીછો કરતા થોડી આગળ જઈ દારૂની ખેપ મારનાર ગાડી મૂકી જંગલ તરફ ભાગી છૂટ્યો હતો. તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ વિજયસિંહએ તેને ઈસમને ઓળખી કાઢ્યો હતો કે તે ભૂપેન્દ્ર જ છે. ગાડી અને કાળી બેગ મૂકી ભાગી છુટેલા ઈસમનો સામાન ચેક કરતા તેમાંથી ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂની બોટલો મળી આવી હતી. કુલ ૮૫ હજારનો મુદ્દામાલ પોલીસે જપ્ત કરી લીધો હતો. આ સાથે ભાગી છૂટેલા ઈસમને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો.



જન્માષ્ટમી એટલે જગતના અધિપતી ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવનો દિવસ અને આ દિવસ વિશ્વભરમા વસતા તમામ સનાતનીઓ માટે આનંદનો અને ઉત્સવનો દિવસ છે. ત્યારે વિશ્વઉમિયાધામ જાસપુર અમદાવાદ ખાતે ૭ સપ્ટેમ્બર અને ગુરૂવારને જન્માષ્ટમીના રોજ ભગવાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો. વિશ્વઉમિયાધામના પ્રણેતા અને પ્રમુખશ્રી આર.પી.પટેલના માર્ગદર્શન હેઠળ વિશ્વઉમિયાધામ સ્મૃતિ મંદિરમાં નંદોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. રાતે ૯ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરાઈ હતી. જેંમાં લગભગ ૧૨ના ટકોરે મટકી ફોડ સાથે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો અને જેમાં નંદ ઘેર આનંદ ભયોના નાદથી સમગ્ર મંદિર પરિષર ગુંજી ઉઠ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કૃષ્ણ ભક્તોએ લાભ લીધો. કૃષ્ણ જન્મોત્સવની સાથે સાથે કૃષ્ણકથા અને રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## સાક્ષર દિન

સાવ કરતાં સાવ,
અંગુઠાછાપ છીએ.
કકકો-બારાખડી,
પલ્લે પડયા નહી.
હવે કેમ કરીને,
પ્રેમ જંગ જીતવો??
ઈશારાનો ઈ,
આવડે નહી.
ચૂમીનો ચ આવડે નહી.
વફાદારીનો વ આવડે નહી!
આલિંગનનો અ આવડે નહી.
સખી,

રાતવરત ,
ઓફ્લાઇન -ઓનલાઈન,
પ્રેમની થિયેરી,
પ્રેકટિકલ પાઠ પઢાવો.
જરૂર પડયે,
એકસ્ટ્રા કલાસ લગાવે
અમ રાંક પ્રેમીને,
પ્રેમના પ્રખર પંડિત બનાવો,
પ્રેમમાં પીએચડી, અપાવો.
સાક્ષરતા દિને,
આટલો ઉપકાર કરો!!!
ભરત વૈષ્ણવ

# ઘરવાળીની જન્મ તારીખ ભૂલી જાવ છો? ગૃહ યુધ્ધ નિવારવા જન્મ તારીખનું છૂંદણું છૂંદાવો !!!

છૂંદણા કે છૂંદણું . છૂંદણું શું છે? છૂંદણું એ ફેશન છે?છૂંદણું એ વિરાસત છે? છૂંદણું એ જીવનરીતિ છે?છૂંદણું એટલે શું? આ સવાલનો જવાબ આ રીતે આપી શકાય. લોકો ફેશન, સ્ટાઇલ અને સુંદરતા માટે શરીર પર ટેટૂ બનાવે છે. જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે, ટેટૂનો સંબંધ માત્ર સ્ટાઈલ અને ફેશન સાથે જ નથી, પરંતુ તે વ્યક્તિના જીવનને અલગ-અલગ રીતે અસર કરે છે.

છૂંદણું એટલે શરીર ઉપર છૂંદીને પાડેલું અલંકારરૂપ ટપકું, ભાત કે આકૃતિ. કુદરતે દીધેલા રૂપને વધુ દેદીપ્યમાન બનાવવા, યૌવનને વધુ આકર્ષક બનાવવા માનવી આદિકાળથી મથામણ કરતો રહ્યો છે. છૂંદણાં એ આદિકાળથી લોકનારીના સૌંદર્યનું પ્રતીક બની રહ્યાં છે. સૌરાષ્ટ્રમાં છૂંદણાં પડાવવાં એને ત્રાજવડાં ત્રોફાવવાં એમ કહેવામાં આવે છે. સ્ત્રીના થાનનું દૂધ અથવા તાંદળજાની ભાજીનો રસ તથા કાજળ ભેગાં કરી તેનું ચામડી ઉપર ટપકું કરી તે ટપકાંને સોયની અણીએ ટોચ્યા કરી અને પછી લોહી નીકળે ત્યારે તેના ઉપર હળદર ને મેશ દાબવાથી પડતો ડાઘ તે છૂંદણું. હિંદી ભાષામાં 'ના નામે ઓળખાતાં છૂંદણાં આદિવાસી સંસ્કૃતિના ઉદગમ સાથે ગાઢ રીતે સંકળાયેલાં હોવાનું વિદ્વાનો માને છે. આદિવાસીઓએ પોતાના વંશવેલાને ઓળખવા માટે સ્ત્રીપુરુષ બંનેનાં શરીર ઉપર અમુક ચોક્કસ પ્રકારની નિશાનીઓ અંકિત કરવાની પ્રથા દાખલ કરી હતી.

ભાતીગળ લોકજીવનમાં છૂંદણાંનું સ્થાન પુરાણ કાળથી જ મહત્ત્વનું રહ્યું છે. ત્રાજવાં ત્રોફાવવાની આ કળા ચાર હજાર વર્ષ જેટલી પુરાણી હોવાનું કહેવાય છે. ઈ.સ. પૂર્વે બે હજાર વર્ષ પહેલાંના ઈજિપ્શિયન 'મમી'ના દેહ પર છૂંદણાનું આલેખન મળી આવ્યું છે. ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં જાપાનમાં છૂંદણાંની આ કલા ફેલાઈને ત્યાંથી એશિયાના દેશોમાં આવ્યાનું મનાય છે.

શરીરના સૌંદર્યને આકર્ષક બનાવતાં છૂંદણાં એ માત્ર આભૂષણ જ નથી. આપણું લોકજીવન કંઈક ને કંઈક ઉપયોગિતાને લઈને જ વિકસ્યું છે. છૂંદણાં પણ શરીરના ચોક્કસ ભાગમાંથી નસોને ઓળખીને એ જગ્યાએ છૂંદવામાં આવે છે. તેનાથી રસોળી – ઢીમચાં જેવા બીજા શારીરિક રોગો અટકે છે તેમ છૂંદણાં છૂંદનાર માને છે. તો નાનપણમાં વિખૂટી પડી ગયેલી વ્યક્તિની શોધ માટે પણ તે ઉપયોગી નીવડે છે. ખાસ કરીને ભરવાડ તથા રબારી બહેનો વધુ છૂંદાવે. બાકી એ કોમના ભાઈઓ ઉપરાંત કોળી જ્ઞાતિના લોકો પણ છૂંદાવે છે. જોકે હવે જ્ઞાતિનો બાધ રહ્યો નથી.

ભરવાડ / રબારી સ્ત્રીઓ કપાળ પર ચંદ્રાકાર, ગાલ અને દાઢી પર બિંદી, હાથ પર ત્રાજવાં, ભગવાનનું નામ કે મૂર્તિ, સાહેલનું નામ, હાથની પોંચી, હડપચી, આંખના ખૂણે પગના પંજા પર તેમજ છાતી પર પણ જુદાં જુદાં ચિત્રોનાં છૂંદણાં છૂંદાવે છે. આ ચિત્રોમાં વેલ, ફૂલ, ઝાડ પાન, વાઘ, સિંહ, મોર, વીંછી, ગાય, ત્રિશૂળ, ૐકાર મુખ્ય હોય છે. કેટલાંક ચિત્રોના ખાસ અર્થ હોવાનું પણ મનાય છે. ભરવાડ નારીઓનાં છૂંદણાંમાં ગોપસંસ્કૃતિ અને સંસ્કારનાં વિશિષ્ટ પ્રતીકો ડેર, ગાય, જોતર, લાડવો, દાણા ઉપરાંત કાવડ, વાવ, દેરડી, એલચડી, ફળ, ખજૂરી, માખ, વીંછી, મોર વગેરે પરંપરાગત ભાતપ્રતીકોની સાથે દેરડી, ધજા, બીજ, ઝાડ, હરબી, કમળફૂલ, નાવડી, ગવરી, ખેરિયા, આંબાપાડા, ચારણી, પીપળાનાં પાન, માશા, રાઈફૂલ, રામનું પારણું વગેરે વિશિષ્ટ પ્રતીકો જોવા મળે છે. સ્ત્રીઓ ગાલે, બે ભમરો વચ્ચે અને હડપચીએ છૂંદણાં પડાવે છે. કેવળ શરીર શણગારવાને માટે ફૂલ, પાંદડી કે પક્ષીના આકારો છૂંદાવવા પૂરતો જ એ શોખ નહોતો, પણ ઈશ્વર અથવા ઈષ્ટદેવ કે દેવીનાં નામો તેમજ આકૃતિઓ જેવાં કે રાધાકૃષ્ણનાં મહોરાં વગેરે છૂંદાવવા સુધીનો ધર્મભાવ પણ તેમાં હતો.

આજકાલ શહેરી યુવક-યુવતીઓ હિન્દી કે અંગ્રેજીમાં નામ કે 'દિલ'ની આકૃતિ છૂંદણાંમાં છૂંદાવે છે. સામાન્ય રીતે શરીરનો જે ભાગ ખુલ્લો રહેતો હોય ત્યાં છૂંદણાં છૂંદાવાય છે. પહેલાં આંગળી સાથે સોય બાંધી હાથથી છૂંદતા, હવે મશીનથી છૂંદવામાં આવે છે, જેમાં કોયલ-કટઆઉટ - સોય બેટરી વગેરેનો ઉપયોગ થાય છે. વાસણ પર નામ લખવા માટે વપરાતા મશીન જેવું મશીન કોઠાસૂઝથી બનાવે છે. જોકે વિદેશમાં આવા વીજળિક મશીનની શોધ ૧૮૯૧માં થયાનું નોંધાયું છે. છૂંદણાં છૂંદતા હોય ત્યારે કીડી ચટકા ભરે એવું લાગે છે.

ત્રાજવાં વિશે લોકસમાજમાં અનેક પ્રકારની માન્યતાઓ, વિશ્વાસ અને શ્રદ્ધા પ્રવર્તતાં જોવા મળે છે. જેમ કે -હાથ ઉપર હનુમાન જતિ, માતા કે દેવદેવીનું છૂંદણું હોય તો ભૂત-પ્રેતની બીક દૂર થાય,મોં પર છૂંદણું હોય તો કોઈની બૂરી નજર લાગતી નથી,(હાથે, પગે નાગ કે વીંછીનું છૂંદણું પડાવ્યું હોય એને નાગ, વીંછી જેવાં ઝેરી જનાવરો કરડતાં નથી, કદાચ કરડે તો એના ઝેરથી માનવી મરતો નથી,આદિવાસીઓ માને છે કે છૂંદણાં પડાવેલી નારી એના પતિને કદી છેતરતી નથી, વિશ્વાસઘાત કરતી નથી. છૂંદણાં પડાવેલી નારી કદી વંધ્યા રહેતી નથી,છૂંદણાંમાં સંમોહન શક્તિ રહેલી છે,છૂંદણાંવાળી કન્યા મનના માનેલાને મેળવી શકે છે,રબારી ભરવાડો માને છે કે જે સ્ત્રીપુરુષના હાથ પર રવૈયાનું ફૂલ ત્રોફાવેલું હોય એના આંગણે અખંડ દૂઝણું રહે છે. એનાં છોકરાં કાયમ ઘી-દૂધે વાળુ કરે છે,સ્ત્રીએ ટચલી આંગળી પાસેની અનામિકા પર ત્રણ ત્રાજવાની દેરડી પડાવેલી હોય તો તેને 'મામેળો' કહેવામાં આવે છે. 'મામેળો' એટલે મરતી વખતે આ સ્ત્રીને એની માનો મેળાપ થાય છે, જે નારી કપાળમાં ચાંલ્લાની જગાએ હિંગળોકનું ત્રાજવું પડાવે છે એનો ચૂડીચાંલ્લો અખંડ રહે છે એવી લોકમાન્યતા છે,

સ્ત્રી પગની ઘૂંટી પર છૂંદણું પડાવે તો એના ઘરમાં 'કેડ્ય સમાણું કામ ને ગોઠણ સમાણું ધાન' રહે છે,સૌરાષ્ટ્રમાં લોકો એમ કહે છે કે જે માણસ શરીર પર છૂંદણાં નથી પડાવતો એને બીજા જનમમાં સાંઢિયાનો અવતાર મળે છે અને એને ઊની ઊની રેતીના રણમાં દોડવું પડે છે. રબારીઓ એમ માને છે કે શરીર પર છૂંદણાં ન પડાવનાર સ્ત્રીને બીજા ભવમાં આખલાનો અવતાર મળે છે!!!

આજકાલ, ટેટૂ કરાવવા માટે ડિઝાઇનના સ્વરૂપમાં ઘણા વિકલ્પો છે અને રંગીન ટેટૂઝ પણ થાય છે. પરંતુ પહેલાના જમાનામાં માત્ર બ્લુ ટેટૂ કે છૂંદણાં જ જોવા મળતા હતા.

લંડનની કિંગ્ઝ લેનમાં માઈક ટોપલરે એક દુકાન ખોલી છે. પણ દુકાનમાં કોઈ સામાન જોવા મળતો નથી. તેની બદલે એક લાંબુ ટેબલ, અરીસો અને ખુરશી મોટા ભાગની જગ્યા રોકે છે. એક ખૂણામાં નાનું કબાટ છે, કરિયાણા કે ગાંધીની દુકાન જેવી કોઈ સામગ્રી, વેપારની આઈટમ ટોપલરની દુકાનમાં દેખાતી નથી. આમ જુઓ તો એ દુકાન નથી. ટોપલરે બહાર સાઈન બોર્ડ લગાવ્યું છે. ટાટુ ક્લિનિક. હા,નામ બરાબર છે. કારણ કે અહીં આવનાર દરેક વ્યક્તિને ટેબલ પર ઊંધા કે ચત્તિ સુવાડી માઈક તેના પર નાની સરખી શસ્ત્રક્રિયા કરે છે. જો કે તબીબી પરિભાષામાં જેને ઓપરેશન કહે છે. એવી કોઈ કાપકૂપ માઈકલ કરતો નથી. તેનું ખરું કામ તો ગ્રાહકોના શરીર પર ભાત ભાતનાં છૂંદણાં છૂંદવાનું છે, રંગબેરંગી, ચિત્રવિચિત્ર નાનાં મોટાં છૂંદણાં.

લંડનની ગોરી મહિલાઓ આજકાલ ભારતની આદિવાસી પ્રજાની જેમ શરીરે છૂંદણાં પડાવવાની શોખીન બની છે. આ પરિસ્થિતિનું સીધું પરિણામ એ આવ્યું છે કે છૂંદણા પાડવાનો ધંધો કરનારાઓની કમાણી ધૂમ વધી રહી રહી છે. ટાટૂઈસ્ટ (છૂંદણા પાડનાર કસબી) ની જમાતમાં વધારો થઈ રહ્યો છે. બ્રિટનમાં અત્યારે આઠસોથી વધુ છૂંદણા છૂંદી આપનારા કલાકાર છે.માઈકલ ટોપલરે અત્યાર સુધીમાં ૨૫૦૦ છોકરા-છોકરીઓનાં શરીર પર વિવિધ સ્થળે છૂંદણાની નિતનવી ભાતો કોતરી છે. આ ડિઝાઈનોમાં ગુલાબની કળી, પતંગિયા,

આભાર - નિહારીકા રવિયા ચકલી, જેવા સિંગલ ચિતરામણથી લઈને આખા દ્રશ્ય, બાઈબલની પંક્તિઓ નેતાઓની તસવીરો, ઐતિહાસિક પ્રસંગ સુધ્ધાં ચીતરેલાં જોવા મળે છે. વિદેશોમાં લોકો છૂંદણા છૂંદાવીને શું પામે છે તે ખબર નથી. છૂંદણા ચીતરાવવાની પ્રથા વિદેશમાં અત્યાર સુધી ફેશન તરીકે ખપી છે. અને હવે એ ફેશનનો એક બીજો ઉપયોગ ફ્રાન્સની વિમા કંપનીઓએ શોધી કાઢ્યો છે. થયું છે એવું કે ફ્રાન્સના શહેરોમાં મોટરગાડીઓની ચોરીએ માઝા મૂકી છે. કારની ચોરીઓ અટકાવવા ફ્રાન્સની કેટલીક વીમા કંપનીઓ કાર-માલિકોને એમની કાર પર એક ખાસ પ્રકારનાં છૂંદણા ચિતરાવવાની સલાહ આપે છે.

ખાસ પ્રકારના યંત્ર દ્વારા વીમા કંપનીવાળા નાની અમથી ફી લઈને કારના દરવાજા, બારીઓ પર મોટરકારનો નંબર કોતરી આપે છે. એમનો દાવો છે કે, આ છૂંદણું ગમે તેટલા પ્રયત્નો પછી પણ દૂર કરી શકાતું નથી એટલે કાર-ચોરીને ચોરી કર્યા પછી કારના દરવાજા અને બધી બારીઓના કાચ નવા બેસાડવા પડે. પરિણામે કાર-ચોરને તો સોના કરતાં ઘડામણ મોંઘું પડી જાય!

લંડનના વેમબલી વિસ્તારમાં રહેતી એક ધનાઢ્ય મહિલાએ તેનાં નિતંબ પર મોટાં પતંગિયા ચીતરાવ્યા. રાત્રે સહશયન વખતે પેલી ગૃહિણીના પતિદેવ આ છૂંદણા જોયા અને એ દંગ રહી ગયો. રંગીન પતંગિયા જોઈને ખુશખુશાલ થઈ ગયેલા પતિદેવે બીજે દિવસે છૂંદણા મૂકનારને ઘેર જઈ તેનો આભાર માન્યો અને ૫૦૦ પાઉન્ડ ભેટ આપી આવ્યો હતો.

એક મહિલાએ તેની બંને જાંઘ પર બતક ચીતરાવ્યા છે. બાવીસ વર્ષની સોના, અને તેની સહેલી જેને વક્ષઃસ્થળ પર રંગબેરંગી ફૂલોની વેલની સજાવટવાળું છૂંદણું મૂકાવ્યું છે. તો કોઈકે વળી આખા શરીરે હેલો, આઈ લવ યુ, કિસ મી, ફ્રી બર્ડ એવા શબ્દોના છૂંદણાં છૂંદાવ્યા છે.

માઈક ટોપલરની જેમ બ્રિટનના ઘણાં ટાટુઈસ્ટો પોતે જેટલી ભાતો અને આકૃતિઓનાં છૂંદણાં સર્જી શકે તે બધી આકૃતિ લઘુ કૃતિના આલ્બમ બનાવી રાખે છે. કેટલાક છૂંદણાવાળા તો પોતાના શરીર પર જ બધી આકૃતિ ચીતરી રાખે છે અને ગ્રાહકને પસંદગી માટે પોતાના શરીર પરના જ છૂંદણાં દર્શાવે છે. કેટલાક વળી પોતાની જાતને ટાટુ પ્રોફેસર ગણાવે છે અને છૂંદણાં મૂકવાનો કારભાર ચલાવતો હોય એ સ્થળને ક્લિનિક અથવા સ્ટુડિયો તરીકે ઓળખાવે છે.

વિદેશની એક મોડેલે રૂપિયા ચાર કરોડના ખર્ચે શરીર પર રંગીન છૂંદણા છૂંદાવેલા હતા. થોડાંક સમય પછી તે છૂંદણા અપ્રિય થઈ પડયા. આ મોડેલે રૂપિયા ૯૬ લાખના ખર્ચે છૂંદણા રીમુવ કરાવેલા. જો કે આ કિસ્સામાં ઘાટ કરતા ઘડામણ મોંઘું પડ્યું ન કહેવાય. આ મોડેલે પાછા છૂંદણા છૂંદાવ્યું કે નહીં તેની માહિતી ઉપલબ્ધ નથી!!

હવેનો જમાનો આધુનિકતાનો છે. હવે ટપકા, ફૂલો, ઓમ, હાર્ટ , લવ યુ, દેવી દેવતા ત્રિશૂળ, નાગ,વગેરે પરંપરાગત છૂંદણાથી કામ સરે તેવું નથી!!

તમે આધાર કાર્ડ મેળવ્યું છે પણ એનો સોળ ડિજિટનો નંબર યાદ રહે છે. નંબર કંઠસ્થ( નંબર ગોખવો) અઘરો છે. નો પ્રોબ્લેમ!! આધાર કાર્ડના નંબરનું છૂંદણું છૂંદાવી લો. વેરી સિમ્પલ !! તમને મોબાઈલ યુઝરવર્ડ કે પાસવર્ડ યાદ રહેતા નથી ??એના છૂંદણા છૂંદાવી નાખો!! તમાશામાંથી કેટલાને બેંક એકાઉન્ટ નંબર કે ક્રેડિટ કાર્ડ નંબર યાદ છે? ભઈ ભારે ભૂલકણા આદમી! પ્રોફેસર છો? તેને લોકો ભૂલકણા માને છે!! બેંક ખાતા નંબર - ક્રેડિટ કાર્ડ નંબર યાદ રાખવા તેનું છૂંદણું કરાવી લો. ગેસ નંબર, લોકર નંબર યાદ નથી? તેના છૂંદણા છૂંદાવી લો. એક પંથ દો કાજ!! બોસ હજુ એક છૂંદણું યાદ કરાવું?? બોલો ઘરવાળી કે બેટરહાફનો જન્મદિવસ કે તમારી મેરેજ એનિવર્સરીની તારીખ યાદ ન રાખો તો લોચા પડે છે ને?? કશું છુપાવતા નહીં! અમે પણ આમાંથી પસાર થયા છીએ!! બસ બૈરીની જનમ તારીખ અને લગ્ન તારીખનું છૂંદણું છૂંદાવી નાંખો એટલે ભીષણ ગૃહ યુધ્ધ નિવારીને ખુશીનું એટમોસ્ફિયર સર્જી શકાય!! લગે રહો મુન્નાભાઇ છૂંદણા છૂંદાવવામાં!!!

ભરત વૈષ્ણવ

## જન્માષ્ટમી કાવ્ય

હવે પાછો તું આવી જાને કાન્હા

હવે પાછો તું આવી જાને કાન્હા
વાયદો તારો તું નિભાવી જાને કાન્હા

તે કિધું તું કે જન્મીશ હું યુગે યુગે
સજજનોને તું બચાવી જાને કાન્હા

ગાયો તારી રખડે રસ્તે ને કપાય પણ
ગોવાળધર્મ તું બજાવી જાને કાન્હા

પોતાનાં જ ગોવર્ધનો નીચે દબાયાં સૌ
ટચલી આંગળી તું ઉઠાવી જાને કાન્હા

સુદામા તારો અટવાયો નોકર શાહીમાં
દ્વારે આવીને તું બોલાવી જાને કાન્હા

વાંસળી સૂર થયો છે બહેરો કળીયુગે
હવે સુદર્શન તું ચલાવી જાને કાન્હા

પાંડવોને ય હવે ખપે છે માત્ર અક્ષૌહિણી
તારું મહત્વ તું સમજાવી જાને કાન્હા

તારાં જ ભકતો લડે છે તારાં જ નામે
ગૃહયુદ્ધ તું અટકાવી જાને કાન્હા

સટ્ટો,કુસંગ,લાલચ છે અધોગતિનું મૂળ
યુધિષ્ઠરને સત્ય તું બતાવી જાને કાન્હા

વિભીષણની જેમ કર્ણ,ભીષ્મ કરે છે પક્ષપલ્ટો
સતાનું નવું ગણિત તું સમજાવી જાને કાન્હા

કોરોના, ભૂકંપ, યુધ્ધથી ત્રાહિમામ છે વિશ્વ
રામ રાજય પાછું તું સ્થાપી જાને કાન્હા

હવે પાછો તું આવી જાને કાન્હા

- મિતલ ખેતાણી